



સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૦૭, સળંગ અંક : ૯૨૩, તારીખ : ૧૦-૦૭-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ

(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 10/07/2017, RMS G'nagar, Valid up to 31/12/19


## દેશભરમાં ૧ જુલાઈથી એક સમાન કર માળખાનો અમલ લાગુ

# રાજ્ય સ્તરના સાત અને કેન્દ્ર સ્તરના પાંચ જેટલા મળી બાર પ્રકારના કરના બદલે માત્ર એક દર એટલે...'GST'

### આર્થિક ક્ષેત્રે અમલી બનેલ જી.એસ.ટી. ઐતિહાસિક કદમ...

**GST પછી શું સસ્તું થયું ?**

• મિલ્ક પાઉડર • બ્રાન્ડ વિનાનું મધ • ઘઉં
• ડેરી પેદાશો • ચીઝ મસાલા • ચોખા • લોટ
• સિંગતેલ • પામોલીન તેલ • સૂર્યમુખીનું તેલ
• કોપરેલ તેલ • સરસિયાનું તેલ • ખાંડ
• ગોળ • શુગર • કન્ફેક્શનરી • અથાણા
• પાસ્તા • સ્પેગેટી • મેકોની • નુડલ્સ • ચટણી
• ફળો અને શાકભાજી • મુરબ્બો • બરફ
• કેચ-અપ • સોસ • મીઠાઈઓ • ખાંસરી
• ટોપિંગ્સ અને સ્પ્રેડ્સ • વનસ્પતિ તેલ
• ઈન્સ્ટન્ટ ફૂડ મિક્સિંગ • બેકિંગ પાઉડર
• મિનરલ વોટર • રેઝિન્સ અને ગુંદર • કાજુ

**રોજબરોજની વપરાશની ચીજો**

• નહાવાનો સાબુ • હેરઓઈલ • નેપકિન્સ
• ડિટર્જન્ટ પાવડર • ટિસ્યુ પેપર્સ • કોલસો
• માચીસની પેટી • મીણબત્તી • કેરોસીન
• ઘરેલું એલપીજી • ચમચીઓ • કેક સર્વર્સ
• ફોર્ક ચમચીઓ • ફિશ નાઈફ • અગરબત્તી
• ટૂથપેસ્ટ • ટૂથ પાવડર • કાજળ • બાઉલ્સ
• એલપીજી સ્ટવ • પ્લાસ્ટીક તાડપત્રી
• મલાઈ તારવવાની કચ્છી • ચીપિયો
• સ્ટેશનરી • નોટબુક્સ • પેન્સ • ગ્રાફ પેપર્સ

**તમામ પ્રકારનાં કાગળો**

• સ્કૂલ બેગ્સ • એક્સરસાઈઝ બુક્સ • પ્રિન્ટર્સ
• ચિત્રકામ, ડ્રોઈંગ અને કલરિંગ બુક્સ
• કાર્બન પેપર્સ • ચર્મપત્રો • હેલ્થકેર ચીજો
• ઈન્સ્યુલીન • નિદાન માટેની કિટ
• તબીબી વપરાશ માટેની એક્સરે ફિલ્મો
• ચશ્મા માટેનાં કાચ • રેશમી કાપડ
• ડાયાબિટીસ, કેન્સરની દવાઓ • ગાંધી ટોપી
• એપરલ્સ • વૂલન કાપડ • ખાદીનું સુતર
• રૂા. ૫૦૦ થી ઓછી કિંમતનાં પગરખાં
• રૂા.૧૦૦૦ થી ઓછી કિંમતના ગારમેન્ટ્સ

**અન્ય ચીજવસ્તુઓ**

• ૧૫ હોર્સપાવરથી વધુ નહીં તેવા ડીઝલ એન્જિનો
• ટ્રેક્ટરનાં પાછળનાં ટાયર અને ટ્યૂબ્સ
• વજનકાંટા • સ્ટેટિક કન્વર્ટર્સ (યુપીએસ)
• ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર્સ • વાઈન્ડિંગ વાયર્સ
• હેલ્મેટ • ફટાકડા અને વિસ્ફોટક • બાઈક્સ
• લ્યુબ્રિકન્ટ્સ • રૂા. ૧૦૦ થી ઓછી કિંમતની ફિલ્મની ટિકિટો • પતંગો • લક્ઝરી કાર્સ
• મોટરસાઈકલ • સ્કૂટર્સ • ઈકોનોમિક ક્લાસની વિમાન ટિકિટો • સિમેન્ટ
• રૂા. ૭૫૦૦ થી ઓછા ભાડાની હોટેલ રૂમ
• ફ્લાય એશ અને બ્લોક્સ

**GST પછી શું મોંઘુ થયું ?**

• પનીર • કોર્નફ્લોર • કોફી • મસાલા પાઉડર
• દહીં • ઘી • બિસ્કિટ્સ • ચ્યુઈંગમ • આઈસ્ક્રીમ
• ચા • ચોકલેટ્સ • તેજાના • સોનું
• આયુર્વેદિક અનૂ અન્ય વૈકલ્પિક દવાઓ
• રૂા. ૭૫૦૦ થી વધુ ભાડાની હોટલની રૂમો
• ફાઈન ડાઈનીંગ રેસ્ટોરાં • આઈપીએલ મેચો
• ફાઈવસ્ટાર હોટેલ્સની અંદર આવેલી રેસ્ટોરાં
• રૂા. ૧૦૦થી વધુ કિંમતની ફિલ્મની ટિકિટો
• કોન્સર્ટ • રૂા. ૧૦૦૦ થી વધુ કિંમતનાં વસ્ત્રો
• શેમ્પુ • પરફ્યુમ્સ • એર કન્ડિશનર્સ • ફ્રીઝ
• એસી અને ફર્સ્ટક્લાસ રેલ્વે ટિકિટો
• બિઝનેસ ક્લાસ વિમાનની ટિકિટો
• વોશિંગ મશીનો • ટેલિવિઝન • ક્રેડિટ કાર્ડ
• કુરિયર સેવાઓ • મોબાઈલ ફોન ચાર્જીસ
• વીમા પ્રિમિયમ • બેન્ક સેવાઓ
• બ્રોડબેન્ડ સેવાઓ • એસયુવી
• નાની અને મધ્યમ કદની કાર • ડેસ્કટોપ્સ
• ફિશિંગ નેટ્સ • સ્માર્ટફોન્સ • લેપટોપ્સ
• યોગ મેટ • ફિટનેસનાં સાધનો • એરેટેડ પીણાં
• સિગારેટ્સ • તમાકુ • આલ્કોહોલિક પીણાં
• લક્ઝરી ચીજવસ્તુઓ • ૩૫૦ સીસી થી વધુ ક્ષમતાવાળા એન્જિન ધરાવતા ટુ વ્હીલર્સ

**ભા.કિ.સંઘ દ્વારા કેન્દ્ર સરકારનો આભાર માની રાહતોને આવકાર અને જી.એસ.ટી.થી લાખો કિસાનો પણ ગ્રાહકો છે ત્યારે તેમને પણ આ નિર્ણયથી રાહતો રહેશે તેવો આશાવાદ...**

**કર માળખા - ગણતરીઓ - કર ચોરી - ભ્રષ્ટાચાર અને અનેક ગુંચવાડાઓનો અંત આણશે જી.એસ.ટી.**

**સંભવિત ખાતર પરના વધારાના બોજ વિગેરે અંગે કૃષિક્ષેત્રે રાહત આપવાની ભા.કિ.સંઘની રજુઆતો ધ્યાને રાહતો જાહેર કરાઈ.**

ગત સપ્તાહના માન. વડાપ્રધાનના અનેક કાર્યક્રમોમાં

## અરવલ્લી જીલ્લામાં ૫૫૨ કરોડની પાણી પુરવઠા યોજના સહિત અને કાર્યોનાં લોકાર્પણના કાર્યક્રમો યોજાયા...



ખેડૂત ઘેર બેઠા પોતાનો માલ ક્યાં અને કયા ભાવે વેચવો છે તે નક્કી કરી શકે છે. કિસાન સંપદા યોજના હેઠળ પણ કુદરતી અવકૃપાને કારણે એક દાણો ન પાકે તેમ છતાંયે ખેડૂતોને વિમો આપવાની યોજના આ સરકારે શરૂ કરી છે તેમ મોડાસા ખાતે જંગી જનસભાને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું. ૫૫૨ કરોડની પાણી પુરવઠાની યોજનાનું લોકાર્પણ કરવા


અનુ પાના ૩ પર


### દેવની મોરીમાં બુદ્ધનું ભવ્ય સ્મારક બનાવવું છે

# એમ.બી.એ. ખેડૂતનું ખેતીમાં સફળ મેનેજમેન્ટ

છેલ્લા ત્રણેક વર્ષથી સજીવ ખેતી પરત્વે ખેડૂતો ખૂબ જ મોટા પ્રમાણમાં ભાર મૂકવા લાગ્યા છે. ખેડૂતના દીકરા ઉચ્ચ અભ્યાસ કરીને નોકરીના બદલે ખેતીને પ્રાધાન્ય આપતા થયા છે. નોકરીમાં મગજ દોડાવવાને બદલે પિતાના અનુભવનો ફાયદો લઈને ખેતીમાં જ નવા નવા અખતરાઓ કરવા માટે ખેડૂત પુત્રો મહેનત કરવા લાગ્યા છે. સુખી ઘર પરિવારે હોઈ નાનપણમાં અભ્યાસમાં જ ધ્યાન પરોવવા ખેતીમાં ક્યારેય ધ્યાન આપ્યું નહોતું છતાં આજે નોકરી છોડીને ખેતી કરવા લાગ્યા છે મોરબી જિલ્લાના હળવદ તાલુકાના માનસરના સંજયભાઈ ચંદુભાઈ રાઠોડ માર્કેટિંગ વિષય સાતે એમબીએ કર્યા પછી એક વર્ષ સુધી પ્રાઈવેટ કંપનીમાં નોકરી કર્યા પછી ખેતીમાં જ જોડાઈ ગયા છે. માર્કેટીંગ વિષય હોઈ તેઓને બહાર રહેવાનું વધારે થતું હતું તે દરમિયાન સજીવ ખેતીની વાતો સાંભળવા મળતા તેના વિષે પૂરતી તપાસ કરી. ખેતીમાં નવું જાણવા માટે આણંદ કૃષિ યુનિ.નો સંપર્ક કરી જુદા જુદા વિષય વિષે પૂરતા પ્રમાણમાં માહિતી મેળવી તેમજ ખેતી વિષયક વિવિધ સેમિનારોમાં બાજરી આપી. જે મોટે ભાગે સજીવ ખેતી આધારિત હોઈ ઝીરો બજેટ ખેતીનો કોન્સેપ્ટ સમજાઈ જતાં પિતાજીની નિશ્રામાં ખેતીમાં મન બનાવી લીધું. ઘરની જમીન હતી એટલે બીજી કોઈ મુશ્કેલી નહોતી. ખેતરમાં ક્યારેય પગ નહોતો મુક્યો પણ હવે ખેતરની બહાર પગ નથી મૂકતા. હાલ તેઓની કુલ ૭૦૧ વીઘા જમીનમાંથી ૩૦ વીઘામાં ગાય આધારિત ઝીરો બજેટવાળી ઓર્ગેનિક ખેતી ૨ વર્ષથી અપનાવી છે. દર વર્ષે ૧૫ વિઘામાં ઓર્ગેનિક ખેતી વધારતા જવામાં આવે છે. ૪ મોટી ગાયો અને ૨ નાની વાછરડી છે જેના આધારે ઝીરો બજેટ ખેતીમાં કામ કરવા માટે રાખેલા છે. બધું મેનેજમેન્ટથી કામ કાજ કરવામાં આવે છે.

ગત વર્ષે શેરડીનું ૧૨ વીઘામાં વાવેતર કર્યું હતું. શેરડી બારમાસી પાક છે છતાં પાંચ વિઘાની શેરડી સાડા પાંચ મહિને તુલસી વિવાહ માટે વેચાણથી આપી દીધી હતી. શેરડીની હાઈટ અને જાડાઈ સારી મળી હતી. એ વખતે ૬૦ રૂપિયે ૨૦ કિલો મુજબ ૨,૮૦૦ મણનું વેચાણ કર્યું હતુ. બાકીની સાત વીઘા શેરડીનું છૂટક વેચાણ ચાલુ કર્યું હતું. શેરડીમાં રસ મેળવવા માટે વેચાણ કર્યું હતું. શેરડીમાંથી ગોળનો અખતરો કર્યો તમાં પણ સારું પરિણામ મળ્યું. અડધા વીઘાની શેરડીમાંથી ગોળ બનાવ્યો હતો. ગોળમાં પણ જુદા જુદા અખતરા કર્યા હતા. મસાલા ગોળનો ૧૦૦ રૂા. ઘી પ્લસ મસાલા ગોળના ૧૫૦ રૂપિયા અને સાદા ગોળનો ૭૦ રૂપિયા ભાવે કુલ ૧,૦૦૦ કિલો ગોળનું વેચાણ થયું છે. ગત વર્ષે શેરડીનું બિયારણ ખરીદીને લાવ્યા હતા. આ વર્ષે ઘરના બિયારણમાં જ શેરડીનું વાવેતર કરાયું છે. શેરડીનું વાવેતર અલગ પદ્ધતિથી થાય છે. સામાન્ય રીતે ખેડૂતો શેરડીનું વાવેતર ૩ફની જાળીએ કરે છે.એમાં બિયારણ વીઘે ૫૦ મણ વપરાય છે. જ્યારે નવી પદ્ધતિમાં વીઘે ૨૦ મણ બિયારણનો ઉપયોગ કરીને ૫૪ની જાળીએ બે છોડ વચ્ચે એક થી દોઢ ફૂટનું અંતર રાખ્યું છે. ગત વર્ષે એક વીઘામાં અખતરો કર્યો જેમાં સફળતા મળતાં આવી રીતે વાવેતર કર્યું છે. વાવેતર અંતર વધારવાથી ઉત્પાદન ઘટે એવું નથી. છોડનો ગ્રોથ વધારે પકડે છે. કોઈ પણ છોડ હોય તેને જેટલો સૂર્ય પ્રકાશ પાંદડા સુધી વધારે પહોંચશે એટલું પરિણામ સારું મળે છે. શેરડીનું વજન વધી જાય છે. રૂટિન પદ્ધતિમાં ૭૦૦ મણનું ઉત્પાદન મળ્યું છે. જીરો બજેટમાં વીઘે ૮૦૦ મણનું ઓછામાં ઓછું ઉત્પાદન મળ્યું છે. અડધા વીઘામાં પાંચસો મણ શેરડી તૈયાર કરી છે જે પણ સાવ ઓછા ખર્ચમાં શેરડીનું બિયારણ ૧૦૦ રૂપિયા મણના ભાવે ખરીધ્યું હતું. વાવેતરમાં બિયારણમાં ગાંઠો વચ્ચે અંતર રાખતા નથી. એકબીજાને અડીને મુકે છે. જેનાથી શરેડી ઘાટું વાવેતર હોય બીજું પીલું નીકળતું નથી. નવી ટેકનિકમાં છ થી સાત રાડા એક જ આંખમાંથી મળે છે. એક જગ્યાએ વધુમાં વધુ બે જ ગાંઠ મૂકવામાં આવે છે. કાતરીની લંબાઈ કેવી છે તે પ્રમાણે મૂકવાની હોય છે. પહેલા માનસર એ શેરડીનું હબ ગણાતું હતું. શેરડીમાં જાપાનીઝ પદ્ધતિના ઉપયોગથી સુકારો વધી ગયો એટલે શેરડીનું વાવેતર ઘટતું ગયું. પહેલાં શેરડી ૨૦ થી ૨૫ વીઘા ઓછામાં ઓછું એક ખેડૂતનું વાવેતર રહેતું અત્યારે છોડમાં રોગ પ્રતિકારક શક્તિ ઘટી ગઈ છે. યુરિયાના ઉપયોગથી રોગના એટેક વધે છે.

જીરો બજેટે ખેતીમાં છોડની રોગ પ્રતિકારક શક્તિ વધે છે. ગૌમૂત્ર અને જીવામૃતના પ્રયોગે ખૂબ જ સારી સફળતા મળી છે. એકરે ૨૦૦ લિટર ગૌમૂત્ર તેમજ જીવામૃત વીઘે પાંચ લિટર આપી શકાય. ગાયના દૂધની છાશ બનાવીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. છાસને જૂની કરીને વીઘે ૫ લિટર આપવામાં આવે છે. ખાટી છાસથી જમીનજન્ય ફૂગનો કંટ્રોલ થાય અને રોગ પ્રતિકાર શક્તિ વધારે છે. ખાટી છાસ અને ગૌમૂત્રનો છંટકાવ કરવાથી ફળ ફૂલને બેસવામાં અને ખરણમાં અટકાવ થાય છે. સજીવ ખેતીમાં દશપર્ણી અર્ક, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર, અગ્ન્યાસ્ત્ર જેવા પાનના ઉકાળા જાતે જ બનાવવામાં આવે છે. આ દવાઓ તમામ પ્રકારના રોગ જીવાતમાં ખૂબ જ અસરકારક લાગે છે આની ગંધ દુર્ગંધથી આ રોગના કીટકો દૂર રહે છે. મિત્ર કિટરોને વાંધો આવતો નથી. શેરડીમાં રાસાયણિક પદ્ધતિથી ખેતીમાં ૯,૦૦૦ રૂપિયા ખર્ચ આવે છે. અને નવી સજીવ પદ્ધતિમાં માત્ર ૧,૫૦૦ રૂપિયા જેટલા ખર્ચ રહે છે. હાલમાં એક મિશ્ર પાક પદ્ધતિનો અખતરો એક એકરમાં કરવામાં આવ્યો છે. હળદર, તુવેર, દિવેલા અને બાજરીનું વાવેતર કર્યું છે. *(સાભાર એગ્રો સંદેશ)*



**માનસરના ખેડૂતની ૩૦ વીઘામાં સજીવ ખેતી : જીરો બજેટના બે વર્ષથી પ્રયોગો અપનાવ્યા : શેરડીના મૂલ્યવર્ધનના પ્રયોગમાં પણ સફળતા : શેરડીના વાવેતરના અખતરામાં સફળતા મળતાં ૧૨ વીઘામાં અડધા બિયારણે સારા ઉત્પાદનનો અંદાજ : ૪૦ વીઘામાં કપાસનું વાવેતર : મસાલા ગોળનો ૧૦૦ રૂા., ઘી પ્લસ મસાલા ગોળના ૧૫૦ રૂપિયા અને સાદા ગોલના ૭૦ રૂા. ભાવે કુલ ૧,૦૦૦ કિલો ગોળનું વેચાણ કર્યું.**

# જમીનને જીવંત રાખવા માટે અમૃત સમાન અમૃતપાણી

સજીવ ખેતીમાં અનેક શોધ સંશોધનો શરૂ થયા છે. એમાં એક મહત્વનું સંશોધન એટલે અમૃત પાણી સજીવ ખાતર. સામાન્ય રીતે ઉગાડેલા પાકને ફાયદો કરે તે પ્રકારના સજીવ ખાતર વધુ મળે છે. આ અમૃતપાણી ખાતર જમીનને પોષણ આપવાનું કાર્ય કરે છે. જમીનને જીવંત કરવા માટે અમૃત સમાન છે. અમૃત પાણી જમીન પર છાંટવામાં આવે ત્યારે તે જમીન પર પડે તેની ખાસ કાળજી રાખવી જોઈ. પાક ઉપર તે પડે નહીં તેનું ધ્યાન રાખવું.આ ખાતરને જમીન પર સાવરણી વડે અથવા વૃક્ષના પાનમાંથી બનાવેલ સાવરણી વડે છાંટી શકાય છે. પિયત સમયે ધોરિયામાં આપો તો પણ ચાલે. અહીં આપણે સજીવ ખેતીમાં ઉપયોગી એવા અમૃત પાણી પ્રવાહી ખાતર બનાવવાની રીતને જાણીએ.




**અમૃત પાણી બનાવવાની રીત :** સૌ પ્રથમ ૨૫૦ ગ્રામ દેશી ગાયનું ઘી, ૫૦૦ ગ્રામ મધ, ૧૦ કિલો દેશી ગાયનું છાણ તેમજ ૨૦૦ લિટર પાણીની જરૂર પડે છે. દેસી ગાયના ઘી ને ૧૦ કિલો ગાયના છાણમાં બરાબર હલાવીને ભેળવી દો. ત્યારબાદ આ મિશ્રણમાં ૫૦૦ ગ્રામ મધ ભેળવી બરાબર હલાવો. આ રીતે મિશ્રણ તૈયાર થાય તે જ આપણું અમૃત પાણી. ૨૦૦ લિટર પાણીમાં તૈયાર થયેલું અમૃત પાણી એક એકર જમીનમાં આપી શકાય છે. સજીવ ખેતીનાં તમામ પ્રવાહી મિશ્રણો ખૂબ હલાવીને ઉપયોગ કરીએ છીએ તેમ અમૃતપાણી પણ ખૂબ જ હલાવીને પછી જ જમીનને આપવું. એક પાકની અવધી દરમિયાન ત્રણથી ચાર વખત અમૃત પાણી આપી શકાય છે. એક કાળજી રાખવી એ જરૂરી છે કે જ્યારે જમીનને અમૃત પાણી આપો ત્યારે જમીન ભીની હોવી જરૂરી છે. સૂકી જમીનમાં અમૃત પાણી અસરકારક જણાતું નથી. અમૃત પાણી અને અમૃત માટી આ બંનેનો સાથે પ્રયોગ કરવામાં આવે તો ખેતરમાં અદ્‌ભૂત પરિણામ જોવા મળે છે. સજીવ ખેતીના જે ખેતરમાં અળસિયાં પેદા થતા ૪ થી ૬ માસનો સમય લાગે છે ત્યાં અમૃત પાણીનો પ્રયોગ કર્યા પછી માત્ર આઠથી દસ દિવસમાં જ તૈયાર થવા માંડે છે. અમૃત માટી અને અમૃત પાણીના વારંવાર પ્રયોગ પછી બજારમાંથી અળસિયાં કે અળસિયાંના કોઈ પણ ખાતર ખરીદવા જવું પડતું નથી. *(સાભાર : સંદેશ)*

# જંતુનાશકો છાંટતી વખતે ધ્યાનમાં રાખવા લાયક અગત્યના મુદ્દાઓ

- જંતુનાશકો મૂળ પેકિંગમાં જ ખરીદવા.
- ખાદ્ય પદાર્થો સાથે હેરફેર ન કરવી.
- તાળા-ચાવીમાં બંધ કરી સંગ્રહ કરવો.
- બાળકોને પહોંચથી દૂર રાખવા જોઈએ.
- જંતુનાશકોના છંટકાવ કરતી વખતે સંરક્ષાત્મક કપડાં પહેરવાં જોઈએ.
- જંતુનાશકોનું ભલામણ કરેલું પ્રમાણ જ બરાબર માપીને લેવું જોઈએ.
- બે કે તેથી વધુ જંતુનાશકોના મિશ્રણને લાકડી વડે બરાબર હાલવવું જોઈએ.
- પંપમાં દવા રેડતા પહેલાં બરાબર ગાળીને જ રેડવું જોઈએ
- નુકસાન પામેલા કે ગળતાં સ્પ્રેયર કે ડસ્ટર ન વાપરવા જોઈએ.
- પવનની દિશામાં જ છંટકાવ કરવો.
- જંતુનાશકો છાંટતી વખતે ખાવું, પીવું કે ધુમ્રપાન ન કરવું.
- જંતુનાશકોના ઉપયોગ નજીક ખાદ્યપદાર્થો ન રાખવા.
- જંતુનાશકોના ઉપયોગ બાદ સ્નાન કરી કપડાં ધોઈ લેવાં જોઈએ.
- જંતુનાશકોના ખાલી પાત્રોનો નાશ કરવો અથવા જમીનમાં દાટી દેવાં જોઈએ.

# કાર્યકર્તાનું અધિષ્ઠાન ૧૦૯

**રા. સ્વ. સંઘ**
**કાર્યકર્તા**
**અધિષ્ઠાન : વ્યક્તિત્વઃ વ્યવહાર**
**દત્તોપંત ઠેંગડી**
**અનુવાદક : હસુભાઈ દવે**
સાહિત્ય સાધના ટ્રસ્ટ, અમદાવાદ

**કાર્યકર્તા...** (ગતાંકથી આગળ....)

પૂ. ગુરુજીના જીવનની પણ એક ઘટનાની યાદ આવે છે. તેઓને કહેવામાં આવ્યું કે આપે આપની કાર્યપદ્ધતિમાં પરિવર્તન લાવવું જોઈએ. અમુક માણસોએ તેમને કહ્યું કે જો પરિવર્તન ન કર્યું તો આ જે આર.એસ.એસ. છે તે ભાંગી પડશે, Everything will crumble down. આખીય વાત સાંભળ્યા પછી શ્રી ગુરુજી એક મીનિટ માટે સ્તબ્ધ રહ્યા. સામે નિહાળી રહ્યા હતા. એવું લાગતું હતું કે તેઓ લોકો તરફ જોઈ રહ્યા નથી. ક્યાંક તો પણ સુદૂર નિહાળી રહ્યા હતા. જાણે કે સ્વયં પોતાને જ ભૂલી ગયા હોય ! એ પછી તેઓના મોઢેથી શબ્દ સર્યા, Well, if every thing crumbles down, I will begining from the begining ! 'જો બધું ભાગી પડશે તો હું ફરી પ્રારંભથી શરૂઆત કરીશ.' આ આત્મવિશ્વાસ અને ધારણા માત્ર વ્યક્તિગત સ્તરનો આત્મવિશ્વાસ નથી, પરંતુ પોતાના સિદ્ધાંત, જીવનમૂલ્ય, સંકેત તથા કાર્યપદ્ધતિ અને વ્યવહારસૂત્ર પ્રત્યે જે દઢ વિશ્વાસ હોય છે તેનો નિર્દેશક છે.

**સંઘ હવે ટીકાનો વિષય નથી :**

વાસ્તવમાં જ્યારે આટલી પણ શક્તિ ન હતી ત્યારે પણ કોઈએ એમ નથી કહ્યું કે ચિંતાનો વિષય છે. સંઘની વિશેષતા છે કે ત્યારે પણ પોતાની મસ્તીમાં કાર્ય કરવાની માનસિક્તા આપણા કાર્યકર્તાઓમાં હતી. સમામજમાં વિવિધ જૂથ, રાજકીય શક્તિઓ, અન્ય વિરોધી તત્વ, તેની ઉદાનસીતા, મશ્કરી, વિરોધ એ બધાંને પાર કરીને વ્યાપક જનસમર્થન આપણને મળી રહ્યું છે. હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એ કોઈ પણની ટીકાનો વિષય નથી રહ્યો. આ અંગે મને એક સંદર્ભ યાદ આવે છે. વિલ્યમ બાર્સલી નામના લેખકે પોતાના The Gospel of John પુસ્તકમાં પેરિસના એકે પ્રખ્યાત ચિત્ર પ્રદર્શનનો અનુભવ આપ્યો છે. આ પ્રદર્શનમાં કેટલીક અપ્રતિમ, અણમોલ તથા નિરંતર સુંદર કલાકૃતિઓના નમૂના હતા, જેના રચયિતાઓની કેટલીક અપ્રતિમ, અણમોલ તથા નિરંતર સુંદર કલાકૃતિઓના નમૂના હતા, જેનો રચયિતાઓની પ્રતિભાની મહાનતા બધાને માન્ય હતી. પ્રદર્શન જોવા માટે કોઈ મોટો શંકાશીલ સમીક્ષક આવ્યો હતો અને કોઈ સેવક તેને પ્રદર્શન બતાવી રહ્યો હતો. આખુંય પ્રદર્શન જોયા પછી આ સમીક્ષકે કહ્યું કે 'મને તો આ કલાકૃતિઓમાં કોઈ ખાસ પ્રતિભા દેખાતી નથી. હું તેને કોઈ વધારે મહત્વે આપતો નથી.' આથી સાથી સેવકે કહ્યું, 'સાહેબ, હુ આપનું ધ્યાન એ વાત તરફ દોરવા માંગુ છું કે આ ઉત્તમોત્તમ કલાકૃતિઓ હવે કાળના કસોટી પસાર કરી ચૂકી છે. હવે તો તેને નિહાળનારની રસિક્તાની પરીક્ષા છે. 'Sir, I would remind you that these master pices are no longer on trial, but those who looks at them, are on trial.' yu s heíku ykÃkýu fne þfeyu Aeyu fu 'Sangh sis no longer on trial, but those who talk about R.S.S. are on trial.' 'હવે સંઘની એ પરીક્ષા નથી, પરંતુ સંઘ અંગે બોલનારાઓની પરીક્ષા છે.' આવો વિશ્વાસ મનમાં ધારણ કરીને આપણએ આગળ વધીશું.

પરમાત્માની ભક્તિની ધુન જેના ઉપર ચડી જાય છે તેને બહારનો કોઈ વિચાર રહેતો નથી કે આપણા ખાવાપીવાનું શુ છે, ક્યાં સૂઈ છીએ, કોઈ નિરાશા તેના મનમાં આવતી નથી. આપણા કાર્યકર્તા પણ પોતાના ધ્યેયસંકલ્પની ધુનમાં આમ જ કાર્ય કરે છે. આ મસ્તી અને ધુન ક્યારે પણ ક્ષીણ થવા નહીં દઈએ એનું ધ્યાન આપણે હંમશા રાખવાનું ચે. આ મસ્તીમાં ડૂબ્યા રહો, આ ધુને વધારો, સમાજને પણ આ મસ્તીનો અનુભવ કરાવો, આપણું કાર્ય વધતું જ રહેશે. આપણી ધ્યેયનિષ્ઠા, એકાત્મતા, આત્મસમર્પણની આપણે સંભાળ કાયમ રાખીશુ તો બાકી બધું ઠીક થઈ જશે. Take care of karyakartas, everything will take care itself કે. પૂ. ડૉક્ટરજીએ, પૂ. ગુરુજીએ પોતાની સમર્પિત ધ્યેયસાધનાથી આ કાર્યનું અધિષ્ઠાન એટલું બળવાન અને સચેત, વિકાસશીલ બનાવ્યું છે કે એના અજવાળે આપણા જેવા કાર્યકર્તાઓને ભવિષ્યમાં હંશા પ્રેરણા મળતી રહેશે અને કાર્યનો ઉદ્દેશ - 'આ માતૃભૂમિને પરમ વૈભવ તરફ લઈ જવી' એ આપણે સાકાર કરીને જ જંપીશું એવો આપણો વિશ્વાસ છે.

**પૂ. ડૉક્ટરજીના નેતૃત્વની વિશેષતા :**

સન ૧૮૫૭ પછી આ દેમાં અનેક મહાપુરુષોએ રાષ્ટ્રજીવનના વિવિધ ક્ષેત્રોમાં પોતપોતાના સંકલ્પ અનુસાર મહાકાર્યો નિર્માણ કર્યા, પરંતુ અનુભવ એવો આવે છે કે આદ્યપ્રણેતાના નિર્વાણ પછી તેના કાર્યની પ્રગતિ અવરોધાય છે, ધીરે ધીરે કાર્યની અવગતિ થાય છે અને આખરે નિષ્પ્રાણ થઈ જાય છે. કાર્યની મૂળ પ્રેરણાઓ તથા પરંપારાઓ પ્રથમ તો વિકૃત થઈ જાય છે અને અંતે ખંડિત.

અનેક ઉદાહરણો છે. જેમની શ્રેષ્ઠતા અંગે, ત્યાગ, તપસ્યા અંગે કોઈ પણનામનમાં શંકા નથી એવા બે મહાપુરુષોની જ વાત આપણે જોઈશું. તેઓ છે લોકમાન્ય ટિળક તથા મહાત્મા ગાંધી. ટિળક સ્વય પોતાના જીવનના અંતિમ ચરણોમાં કહેતા હતા કે, 'મારા ખભા ઉપર પગ રાખીને ઉપર ચઢારો કોઈ યુવક હું મારા જીવનકાળમાં નિહાળી શકીશ એવં હવેં લાગતું નથી. તેમના નિર્વાણ પછી કેટલી ઝડપથી તેમની પરંપરા દુર્બળ થઈ ગઈ એ બધા જાણે છે. ગાંધીજી પછી ગાધીવાદની અવગતિ આટલી ઝડપથી કેમ થઈ ? આ પ્રશ્નની મીમાંસા આચાર્ય વિનોબા ભાવે કરી છે. આમ આટલા શ્રેષ્ઠ, સમર્પિત મહાપુરુષોની વિચારપ્રણાલી તથા કાર્યપ્રણાલીની પડતી કેમ થાય છે એ એક અધ્યયનનો વિષય છે. *ક્રમશ*

## ગંગાબા - પરિવાર પોષણ મંદિર

*ભારત એ કૃષિ પ્રધાન દેશ છે જેનો મોટો આધાર ખેત પેદાશો ઉપર છે. જે માણસની જરૂરિયાત છે. ખેડૂત ખેતી કરતો હોવા છતાં પણ શાકભાજી અને બીજી રોજિંદા જીવનની પ્રાથમિક જરૂરિયાતો માટે બજાર ઉપર આધારિત છે. ખરી રીતે તો પોતાને જરૂરી શાકભાજી પોતે જ જૈવિક / ઋષિ ખેતી કરીને ઉત્પન્ન કરતો હોવો જોઈએ આ માટે છેલ્લા ૧ વર્ષથી અમે ૨૨ જેટલી જગ્યાઓ ઉપર નાના - નાના મૂલ્યનિષ્ઠ ખેત પેદાશ - શાકભાજી સ્વાવલંબનના પ્રયોગો કરી રહ્યા છીએ, જે લોકભોગ્ય બન્યા છે, જેમાનો એક પ્રયોગ ગંગાબા - પરિવાર પોષણ મંદિર છે. જે ૧૦૦૦ ચોરસ ફૂટમાં થાય છે અને ૨૨ થી ૨૮ પ્રકારની વિવિધતા વાળા શાકભાજી ઉગાડી શકીએ. સાત દિવસના - સાત શાકભાજી વેલાવળા રસ્તામાંતી મળે. ફક્ત સ્થાનિક સંસાધનોના ઉપયોગની જેમાં સડેલા પાંદડા, કિચન પેસ્ટ, અને કચરો, મહેનત પણ ઓછી - દર અઠવાડિયે જ કલાક આમ ઓછી મહેનત, ઝીરો બજેટ, ઓછું પાણી અને ઉત્પાદન ત્રણ ગણું ૧૦૦૦ ચોરસ ફૂટ માંથી ૨૫ સભ્યોનું ભરણપોષણ થાય. નિંદામણ ન ઉગે, ઓછું પાણી વપરાય અને માટી જીવંત રહે એટલે કે તેમાં નાના - નાના જીવો વાસી કરતા રહે તે માટે આચ્છાદન - (Mulching) ખૂબ જ અગત્યનું છે, જે કચરો - એટલે કે પાંદડા અને ગાય - ભેંસ ન ખાતા હોય તેવા ઘાસથી કરી શકાય. આ માટેના સુંદર મોડેલ સીતારામ આશ્રમ ઘેઘુ ચાર રસ્તા માણસા, ગ્રામ સેવા મંદિર - વાંકાનેર - દહેગામ અને બલરામ પરિસર - ભારતીય કિસાન સંઘ - ગાંધીનગરમાં છે. આ પ્રવૃત્તિ અને શાકભાજીના સ્વાવલંબન માટેનું જરૂરી માર્ગદર્શન ફ્રીમાં ફોનથી નીચેના નંબર ઉપરથી મળશે. શ્રી સુરેશ પુનડિયા - વાંકાનેર.*



## અરવલ્લી જીલ્લામાં ૫૫૨ કરોડની...

**અનુ. પાના ૧ નું ચાલુ**

ઉપસ્થિત રહેલ વડાપ્રદાને અરવલ્લીના ૬૭૧ ગામોને પાણી પહોંચાડવાની યોજના અંગે કહ્યું કે, ૫૫ માળની બિલ્ડીંગ જેટલી ઉંચાઈ પર પાણી પહોંચાડી માઝુમ, મેશ્વો અને વાત્રકમાં નર્મદાના નીર ઠલવવાનું કામ આ સરકારે કર્યું છે. વરસતા વરસાદ વચ્ચે પણ અરવલ્લી સાબરકાંઠા અને મહિસાગર જિલ્લામાંથી સવા લાખ જેટલી જન મેદની મોદીને સાંભળવા ઉમટી પડી હતી. વડાપ્રધાને જણાવ્યું હતું કે અગાઉ માઝુમ, મેશ્વો અને વાત્રક ડેમ ઉનાળામાં ફૂટબોલના મેદાન બની જતા હતા. હવે તેમાં ૧૮ હજાર કિ.મી. લાંબી પાઈપ લાઈન નાખી પાણી ઠાલવવામાં આવ્યું છે.



**મુખ્યમંત્રી હતો ત્યારથી દેવનીમોરીમાં ભગવાન બુદ્ધનું ભવ્ય સ્મારક બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે દુનિયાભરના લોકો સ્મારક જોવા આવે તેવું કામ કરવું છે, તેમ વડાપ્રધાને જણાવ્યું હતું.**

**વરસતા વરસાદ વચ્ચે પણ અરવલ્લી સાબરકાંઠા અને મહિસાગર જિલ્લામાંથી સવા લાખ જેટલી જન મેદની મોદીને સાંભળવા ઉમટી પડી હતી.**

## કિસાન સંઘે કલેક્ટરની...

**અનુ. પાના ૮ નું ચાલુ**

આવી હતી. જેમાં બે પ્રાંત અધિકારી, ચારેય તાલુકાના મામલતદારો, ડી.એલ.આર., ખેતીવાડી અને બાગાયત વિભાગના અધિકારી તેમજ કિસાન સંઘના પ્રદેશ કોષાધ્યક્ષ રમણભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ ગાભુભાઈ ચૌધરી તથા ચારેય તાલુકાના કિસાન સંઘના પ્રમુખો સહિતના હોદેદારો હાજર રહ્યા હતા. બેઠકમાં જિલ્લા કલેક્ટર દ્વારા ખેડૂતોના વિવિધ પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા માટે ઉપસ્થિત અધિકારીઓને સીધી સુચના આપી હતી. જેમાં તા. ૩૧-૮-૨૦૧૭ સુધીમા નવી / જુની શરતના કેસો પુરા કરવા માટે સુચના આપવામાં આવી હતી. રી - સર્વે અને ૭/૧૨ના પ્રશ્ન અંગે મામલતદાર કચેરી ખાતે બે સુચના પેટી મુકવી અને તેમાં ખેડૂતો તેમાં પોતાના પ્રશ્નો નાખે તેની નોંધ લઈ નિરાકરણ માટે ડી.એલ.આર. અધિકારીને સુચના અપાઈ હતી. ૧૯૬૮ થી ગામતળના વાડાઓના કબજા ભોગવટા કેસ અંગે પણ વિગતવાર ચર્ચા કરી તેના નિરાકરણની ખાત્રી આપવામાં આવી હતી.

## ખાતર વિક્રેતાઓ ઉંચા ભાવે વેચાણ કરતા હોવાની ઉઠેલી ફરિયાદ

ગુજરાત સહિત સમગ્ર દેશમાં તા. ૧ જુલાઈથી જીએસટી અમલી થયા બાદ ખાતરના ભાવમાં નહિવત ઘટાડો થયો છે. જો કે, ગુજરાતમાં હજુ ઘણા વિક્રેતાઓ જુના ભાવે કાતર વેચતા હોવાની ફરિયાદ કૃષિ વિભાગને મળી હતી. આથી કૃષિ વિભાગે દરેક ખાતર વિક્રેતાને વેચાણ કેન્દ્ર પર ભાવ પત્રક લગાવવાની સુચના આપી છે. આ માટે કૃષિ વિભાગ દ્વારા સમયાંતરે ચેકિંગ પણ થશે. આ ઉપરાંત ખાતર બનાવતી કંપનીઓને પણ જીએસટીની અમલવારી બાદ ખાતરના ભાવમાં થયેલ ઘટાડા અંગે અખબારમાં



પ્રેસનોટ કે જાહેરાત આપવા રાજ્ય સરકાર દ્વારા સુચના આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારે સૌપ્રથમ ખાતર પર ૧૨ ટકા જીએસટી દર નક્કી કર્યો હતો. જો કે સરકારના આ નિર્ણયની સામે ખેડૂતોમાં રોષની લાગણી જોવા મળી હતી. આથી જીએસટીની અમલવારીની પૂર્વ સંધ્યાએ જ જીએસટી કાઉન્સિલની બેઠક મળી હતી. જેમાં ખાતર પર જીએસટી દર ૧૨ ટકાથી ઘટાડીને ટકા કરવામાં આવ્યો હતો.

## કૃષિ સંલગ્ન ઉદ્યોગ સ્થાપવા સ્ટાર્ટઅપ યોજનામાં અરજી કરો

કૃષિ, બાગાયત, ડેરી, ફૂડ જેવા સેક્ટરમાં ઉદ્યોગ સ્થાપવા યુવા સાહસિકો માટે ગુજરાત સરકાર દ્વારા ખાસ સ્ટાર્ટઅપ યોજનામાં અમલી કરવામાં આવી છે. આ સ્ટાર્ટઅપ યોજનાનો લાભ લેવા માટે આગામી તા. ૩૧ જુલાઈ સુધી અરજી કરી શકાશે.




આ માટે આણંદ કૃષિ યુનિવર્સિટીને નોડલ સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી છે. આથી સ્ટાર્ટઅપ યોજનાનો લાભ લેવા માટેનું અરજીપત્રક આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ (www.aau.in) પરથી ડાઉનલોડ કરી શકાશે. આ અંગેની વધુ માહિતી માટે આણંદ કૃષિ યુનિવર્સિટીની એફટીબીઈ કોલેજના ફોન નં. ૦૨૬૯૨ ૨૬૧૩૦૨ અથવા મો. ૯૪૨૬૫૦૦૮૧૬ ઉપર સંપર્ક કરવો. યુવા સાહસિકોને પોતાનો ઉદ્યોગ શરૂ કરવા પ્રોત્સાહન મળી શકે એ માટે ગુજરાત સરકાર દ્વારા સ્ટાર્ટઅપ યોજના અમલી કરાઈ છે. જેનો લાભ ખરેખર જેને જરૂર છે. એવા યુવા સાહસિકોને જ મળવો જોઈ. આ ઉપરાંત આ અંગેની સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને સરળ રહે એ પણ જરૂરી છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## દૂધ રોગો : અલ્પેશ ઠાકોર સહિત ૫૦ની પોલીસે અટકાયત કરી...

ગુજરાતમાં ખેડૂતોનું દેવું મા કરવાની માંગ સાથે અલ્પેશ ઠાકોર દ્વારા તા. ૫ અને ૬ જુલાઈએ દૂધ સપ્લાય રોકવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત બુધવારે અમદાવાદના એસજી હાઈવે પર રસ્તા પર દૂધ ઢોળી વિરોધ કરવામાં આવ્યો હતો. આ



બાદ પોલીસ દ્વારા અલ્પેશ ઠાકોર સહિત ૫૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે દિયોદર અને પાટણમાં પણ દૂધ રોકવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે દૂધ રોકો આંદોલનની વ્યાપક અસર થઈ નથી. હિંમતનગરમાં પણ દૂધ રોકો આંદોલન પૂર્વે જ અમુક યુવા અગ્રણીઓની પોલીસે અટકાયત કરી હોવાની માહિતી મળી રહી છે.

## ૨૨૧ તાલુકાઓમાં વરસાદ : ટંકારા, કોડિનાર, બનાસકાંઠામાં પૂર

ઉપરની તસવીરમાં મોરબી પંથકમાં પાણીમાં તણાઈ ગયેલી કાર જોઈએ શકાય છે. ગુજરાતના ૨૨૧ તાલુકામાં શુક્રવારે નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. જેમાં ગીર સોમનાથ, જામનગર, મોરબી અને બનાસકાંઠા જિલ્લામાં સાંબેલાધાર વરસાદથી પૂર જેવી સ્થિતિનું સર્જન થયુ છે. ગીર સોમનાથના કોડીનારમાં ૧૦ ઈંચ વરસાદ ખાબકતા અનેક ગામો બેટમાં ફેરવાયો છે. વેરાવળમાં પણ બે કલાકમાં ૧૦ ઈંચ વરસાદ પડ્યો છે મોરબી જિલ્લાના ટંકારામાં ૧૧ ઈંચ



વરસાદ પડ્યો હતો. જેની અસરથી ટંકારાના લક્ષ્મીનગરમાં પાણીમાં ફસાયેલા ૧૧ લોકોને એન.ડી.આર.એસ. ટીમે ભારે જહેમત બાદ બચાવી લીધા હતા. મોરબીમાં ૬ ઈંચ, વાંકાનેરમાં ૭ ઈંચ, હળવદમાં ૫ ઈંચ વરસાદ થયો છે. જેની અસરથી મોરબીનો મચ્છુ-૨ ડેમ ઓવરફ્લો થવાની તૈયારીમાં છે. જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ૬ ઈંચ વરસાદ થતા લતીપર ગામ બેટમાં ફેરવાયુ છે. આ ઉપરાંત અમદાવાદ, આણંદ, સુરત, નવસારી સહિતના વિસ્તારોમાં પણ સારો એવો વરસાદ થયો છે.

## વરસાદી તારાજીમાં સરકારી સર્વે, સહાયમાં પારદર્શકતા લાવો

ગુજરાતભરમાં છેલ્લા પાંચ દિવસ પડેલા અનરાધાર વરસાદના કારણે મોટાભાગના વિસ્તારોમાં ખેતીમાં કાચુ સોનુ વરસ્યુ હોય એવો માહોલ છે. જ્યારે ટંકારા, સિદ્ધપુર, ધ્રોલ, થરાદ, કોડિનાર સહિતના તાલુકાઓમાં ૧૦ થી લઈને ૧૮ ઈંચ સુધી વરસાદ ખાબકતા મોટી તારાજીનું સર્જન થયું છે. આ વિસ્તારમાં થયેલું કપાસ અને મગફળીનું વાવેતર મોટા પ્રમાણમાં નષ્ટ થયુ હોવાની માહિતી મળી રહી છે. હાલના વરસાદમાં રાજ્યભરમાં ૩૧ લોકોના મોત થયા છે. જ્યારે ૩૦૦ થી વધુ પશુઓ પણ મોતને ભેટ્યા છે. આ ઉપરાંત ૨૮ જેટલા માર્ગોનું ધોવાણ થઈ ગયુ છે. સતત વરસેલા વરસાદના કારણે જમીનનું વ્યાપક ધોવાણ થયુ છે. રાજ્ય સરકારે નુકસાનીનો સર્વે હાથ ધર્યો છે. જમીન ધોવાણ બાબતે ખેડૂતોને યોગ્ય વળતર મળે એ



જરૂરી છે. બે વર્ષ પહેલા બનાસકાંઠા જિલ્લામાં વ્યાપક વરસાદ બાદ સરકારી સહાયમાં રૂા. ૩૬ લાખની ગેરરીતિ થઈ હોવાની ફરિયાદો ઉઠી હતી. જેમાં સરકારી અધિકારીઓ સહાય મંજુર કરવા રૂા. ૪૦૦૦ની લાંચ માંગતા હોવાની ફરિયાદ ખેડૂતો દ્વારા થઈ હતી. આથી જાગૃત ખેડૂત મિત્રો પોતાના હક્ક માટે સજાગ બને અને ભ્રષ્ટાચારીઓને ખુલ્લા પાડે એ જરૂરી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો ૨૪ ટકા વરસાદ થઈ ગયો છે. છેલ્લા પાંચ દિવસમાં પડેલા વરસાદના કારણે રાજ્યના જળાશયોમાં પાણના જથ્થમાં ૩ ટકાનો વધારો થયો છે.





**'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો 'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬**


## રાજ્યના ૮૦ ટકા યાર્ડ મંગળવારે પણ બંધ રહ્યા હતા : વાયદા બજારમાં સતત મંદી

જી.એસ.ટી.ની અવઢવમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના મોટાભાગના માર્કેટયાર્ડ મંગળવારે પણ બંધ રહ્યા હદા. જ્યારે મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને કચ્છના માર્કેટયાર્ડોમાં હરાજી ચાલુ થઈ હતી. મંગળવારે




રાજકોટ, જામનગર, બોટાદ, હળવદ, મોરબી, ગોંડલ, જૂનાગઢ, ભાવનગર, અમરેલી, વિસાવદર, પોરબંદર, સાવરકુંડલા, ઊંઝા, પાટણ, ડિસા, વિજાપુર, સિદ્ધપુર, કડી, મહેસાણા, હિંમતનગર, થરાદ, પાલનપુર, હારીજ, ધાનેરા, રાધનપુર સહિતના માર્કેટયાર્ડોમાં હરાજી બંધ રહી હતી. ગુજરાતમાં મોટાભાગના માર્કેટયાર્ડોમાં હાજર બજારમાં હરાજી ઠપ છે. ત્યારે વાયદા બજારમાં છેલ્લા બે દિવસથી સતત મંદી જોવા મળી રહી છે.

## ક્યાંક મેઘમહેર તો ક્યાંક કહેર: સરકાર નુકસાનીનો સર્વે કરશે

ગયા અઠવાડિયે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. જેની અસરથી અમુક વિસ્તારોમાં ધરતીપુત્રો માટે આ વરસાદ કાચા સોના સમાન સાબિત થયો છે. જ્યારે અમુક વિસ્તારોમાં સતત પડેલા વરસાદથી કૃષિ પાક, જમીન અને પશુઓને વ્યાપક નુકસાન થયુ છે. મોરબી જિલ્લાના ટંકારામાં ૧૮ ઈંચ વરસાદ થતા સર્વત્ર તારાજીનું સર્જન થયુ છે. જેમાં ઉગી ગયેલા કૃષિ પાક નષ્ટ થયા છે. તેમજ જમીનનું મોટા પ્રમાણમાં ધોવાણ થયુ છે. આ સાથે ૪૨ જેટલા પશુઓના મોત મોરબી પંથકમાં થયા હોવાની માહિતી મળી રહી છે. ઉત્તર ગુજરાતના સિદ્ધપુરમાં ૧૩ ઈંચ વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતિનું સર્જન થયુ છે. પાલનપુરના કુંભાસણમાં ભારે વરસાદથી ૨૭ પશુઓના મોત થયા છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે વરસાદથી થયેલ નુકસાન અંગે સર્વે થશે અને એ સર્વેના આધારે અસરગ્રસ્ત લોકોને વળતર ચુકવવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.

## મધ્યપ્રદેશમાં નર્મદાના કાંઠે ૬ કરોડ છોડ રોપવાનો વિક્રમ

મધ્ય પ્રદેશમાં અમરકંટકથી અલીરાજપુર સુધી નર્મદા નદીના કિનારાના વિસ્તારોમાં રવિવારે એક દિવસમાં ૬ કરોડથી વધુ છોડ રોપવામાં આવ્યા હતા. વૃક્ષારોપણના આ મહાઅભિયાન દ્વારા સર્જાયેલ વિશ્વ વિક્રમની નોંધ ગિનીસ બુકમાં કરવામાં આવી હતી. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે અમરકંટક ખાતે વૃક્ષારોપણ કરી આ મહાઅભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

# ગાય - અતુલ્ય... અમૂલ્ય... અદ્‌ભૂત...

ડૉ. હિતેશભાઈ જાની (હેડ-પંચકર્મ વિભાગ)
ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર




**ગાય વિશ્વની માતા :**

ચરાચર સૃષ્ટિના સર્વ જીવોમાં ઈશ્વરનો વાસ જાણનારા આપણે ભારત વાસીઓ સદીઓથી ગાયની પૂજા કરતા આવ્યા છીએ. પૃથ્વી પર ૫૫,૦૦૦ સ્તનધારી પ્રાણીઓ છે. દરેક પ્રાણી માટે ભારતીય સંસ્કૃતિમાં સમભાવ રાખે છે. જ્યારે ગાયને તો સમગ્ર વિશ્વની માતાનું સ્થાન આપેલ છે. એમ કેમ ? કોઈ દિવસ વિચાર કર્યો છે ?

**પંચગવ્યની મહાનતા -**

'ગાયના દૂધમાં માં ગંગાજીનું સ્થાન છે', 'ગાયના ગોમયમાં લક્ષ્મીનો વાસ છે, 'ગાયનું દૂધ અમૃત છે' 'ગાયનું ઘી સૌભાગ્ય છે', 'સોનાના સિક્કા આપને પણ ગાયનું ઘી લ્યો.' આપણા શાસ્ત્રોમાં આવું કેમ કહ્યું હશે ? આ બધું ધાર્મિક છે તો વૈજ્ઞાનિક પાસુ શું હશે ?

**ધર્મ અને વિજ્ઞાન સિક્કાની બે બાજુઓ :**

ખરેખરતો ધર્મ અને વિજ્ઞાન એ બન્ને એક જ સિક્કાની બે બાજુઓ છે. પશ્ચિમનું વિજ્ઞાન ભૌતિક થત્યો પર જ વધારે ભાર મુકે છે. બીજા સુક્ષ્મ પાસાઓ તેઓને સમજવાના બાકી છે. પરંતુ એનો ફાયદો ભારતને થયો છે. ! પાશ્ચાત્ય વિજ્ઞાને ભારતીય વિજ્ઞાનનીઓને જરા વધુ સ્પષ્ટ બનાવી દીધા છે. એટલે આપણી ફરજ છે કે ભારતનું અમૂલ્ય જ્ઞાન આપણે સમાજને ફરીથી આપીએ.

**પ્રાચીન ભારતીય ગૌવિજ્ઞાન અને આનુસાંગિક શાસ્ત્રો**

ગાય - ગૌવંશ માટે ગવાયુર્વેદ અને ગૌ વિજ્ઞાન, હાથી માટે 'પાલકાપ્યશાસ્ત્ર' ઘોડા માટેનું શાસ્ત્ર 'હયાયુર્વેદ' અન્ય પ્રાણીઓ માટે 'મૃગાયુવેદ' વગેરે વૃક્ષ અ" વનસ્પતિ માટે 'વૃક્ષાયુર્વેદ' વગેરે શાસ્ત્રો તે વિજ્ઞાનની અલગ વિદ્યા શાખા હતી. કૃષિ વિજ્ઞાન માટે ઋષિ પરાસર રચિત 'કૃષિ પરાસર સંહિતા' ગાય અને અશ્વ સહિતનું ડેરી વિજ્ઞાનનું શાસ્ત્ર એટલે પાંચ પાંડવ પૈકીના નકુલ અને સહદેવ રચિત નકુલ સંહિતા પ્રમુખ શાસ્ત્રો છે. આ ભવ્ય વારસો આપણે મુકી દીધો છે. પરંતુ જર્મન અને અન્ય વિદેશી વૈજ્ઞાનિકો તેના આધારે શોધ કરી રહ્યા છે.

**કૃષિ ગાય વંશ આધારિત ભારતીય અર્થતંત્રની સર્વોપરિતા:**

આપણો દેશ યુગોથી કૃષિ અને પશુપાલનનો જ દેશ રહ્યો છે. તે સમયમાં એગ્રીકલ્ચર અને એનિમલ હસબન્ડરી તથા ડેરી ટેકનોલોજીનો જબ્બર વિકાસ થયેલો હતો.

સમગ્ર દેશ અને દુનિયાને દૂધ અને ડેરી પ્રોડક્ટ આપણે પહોંચાડતા હતા. ડેરી ઈન્ડસ્ટ્રી આજથી પણ વદારે ઈકોનોમિક અને પોલિટિક્સ પ્રભાવ ધરાવતા ક્ષેત્રો હતા. આપણે જેને 'ધનવાન' કહીએ છીએ તે મૂળ શબ્દ 'ધેનુવાન' એટલે કે ગાયો ધરાવનાર પરથી આવેલ છે. કોની પાસે વધારે ગાયો છે તે પરથી તેની આર્થિક સધ્ધરતા નક્કી થતી હતી. (૧) જેની પાસે ૮૪૦૦૦ ગાયો હોય તેને 'નંદ' કહેવાય (૨) જેની પાસે ૨.૫ લાખ ગાયો હોય તેને 'ઉપનંદ' કહેવાય (૩) જેની પાસે ૧૦ લાખ ગાયો હોય તેને 'મહાનંદ' કહેવાય (૪) ૫૦ લાખ ગાયના માલિકને 'વૃશભાનુવર' કહેવાય (૫) ૧ કોટી ગાયના માલિક શ્રી કૃષ્ણના પાલક પિતાજી 'નંદરાજા' (નંદબાવા) હતા. (૬) ૧૪ 'નંદ' (૮૪૦૦૦ ગાયોના માલિક) જે વિસ્તારમાં રહેતા હોય તે વિસ્તારને 'ગોકુલ' કહેવાય. આવા ૧૪ ગોકુલ જે ભૌગ્વાલિક વિસ્તારમાં હોય તેને 'વૃજ' કહેવાય.

ગાય - ગૌ વંશ તથા દૂધનું વેલ્યુ એડિશન અને ડેરી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઈજિપ્ત અને ગ્રીક સુધી આપણો વ્યવહાર હતો. એમ કહેવાય છે કે ઈજિપ્તના પિરામિડોમાંથી મળી આવેલા ઘી ભારતથી પહોંચેલા હતા. આ પ્રકારે ગાય, ગૌવંશ, અને અર્થતંત્રનો હજારો વર્ષનો આપણો સંબંધ હતો, અધિકાર હતો જેથી દેશ ખુબ જ સમૃદ્ધ હતો.

પ્રાચીન સમયમાં ગાયો દિવસમાં ૧૦૦ લીટર દૂધ આપતી હતી. અરે મોગલોના સમયમાં અકબરના રાજ્યમાં ૬૦ લીટર દૂધ આપતી ગાયો હતી. એવું ખુદ અકબરે રચેલા 'અકબરે આયના' નામના ગ્રંથમાં લખ્યું છે. ભારતમાં ઘી દૂધની નદીઓ વહેતી આ વાત કદાચ આપણે હવે વધારે સ્પષ્ટ રીતે સમજી શકીશું.

**ગૌ વંશ વિનાશની કરુણ પરાકાષ્ટા :**

વેદ અને ઉપનિષદ ના સમયમાં ૧૦૦ થી પણ વધારે પ્રજાતિની ગાયો આપણા દેશમાં હતી. જે વિલુપ્ત થતા થતા આજે ફક્ત ૩૨ પ્રકારની ગાયોની પ્રજાતિ જ હવે ભારતમાં બચી છે. ભારત પાકિસ્તાનના ભાગલા થયા ત્યારે ૧૯૪૭ માં આપણા દેશમાં ૯૦ કરોડ ગાયો હતી. આજે ફક્ત ૯ કરોડ ગાય અને ગૌવંશ ભારતમાં બચ્યું છે. ભારતમાં આજે ૩૬૦૦૦ (ફક્ત નોંધાયેલા) કતલકાના દ્વારા દર મર મિનિટે ૨૮ ગોવંશની કતલ થાય છે.

**વિશ્વની સ્વાસ્થ્યની સ્થિતિ :**

પૃથ્વિ પર પર્યાવરણ અને સ્વાસ્થ્યના સંદર્ભમાં કોઈ દિવસ નહોતો એવો ગંભીર ખતરો ઉભો થયો છે. વિકાસની આંધળી દોટમાં રાષાયણિક ખાતર, પેસ્ટીસાઈડ, એન્ટી બાયોટીક્સ તથા ઈલેક્ટ્રોલિક્સ સાધનો થી ફેલાતા રેડિએશન, ખાદ્ય પદાર્થોને સાચવવા - પ્રોસેસ કરવાના નામે વપરાતા પ્રિઝર્વેટિવ તથા રંગ રસાયણોના દુષ્પ્રભાવો હવે સામે આવી રહેલ છે. જે ખુબ ચોંકાવનારા છે.

મેડિકલ ક્ષેત્રે ટેકનોલોજીકલ ડેવલપોમેન્ટ હોવા છતાં લાઈફ સ્ટાઈલ ડિસોર્ડર્સ વધી રહ્યાં છે. વિકસિત રાષ્ટ્ર અમેરિકા જેવા દેશોએ, ઓબેસિટી, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, એસ્ટિઓ પોરોસીસ, થાઈરોઈડ ઉપરાંત કેન્સર અને એઈડ્સ જેવા રોગોનો સામનો કરવો પડી રહ્યો છે.

**ભારતની આરોગ્યની સ્થિતિ :**

ભૌતિક વિકાસની આપણી અમેરિકા પાછળની આ દોટમાં આપણે પણ આવા રોગોથી ઘેરાઈને સર્વનાશ તરફ જઈ રહ્યા છીએ. એક તરફ દેશના કરોડો બાળકો કુપોષણનો શિકાર છે. તો બીજી તરફ દેશની ૧૦ ટકા થી વધુ વસ્તી ડાયાબિટીસથી ઘેરાયેલી છે. અમદાવાદ કેન્સર હોસ્પિટલમાં ૨ લાખ દર્દીઓ કેન્સરની સારવાર માટે રજિસ્ટર થયા છે. આપણે ઓબેસિટી અને ઓસ્ટિયો આર્થરાઈટિસ તથા પુરુષોમાં શુક્રાણુંઓની અલ્પતા અને સ્ત્રીઓમાં ઁ.ઝ઼.ં.ઢ઼. જેવી ગંભીર સ્થિતિનો બિન અસરકાર સામનો કરી રહ્યા છીએ.

**જિનેટિક ડિટોરિએશન અને જિનેટિક ડિસોર્ડર્સ એ આજની ગંભીર સમસ્યા :**

સ્વાસ્થ્ય ક્ષેત્રે જો ગંભીર સમસ્યા થઈ હોય તો એ છે કે હ્યુમન જિન્સનું ૪૦,૦૦૦ વર્ષથી ડિટોરિએશન થઈ રહ્યું છે. છેલ્લાં ૧૦૦ વર્ષમાં તેમાં ઘણી ઝડપ આવી રહી છે. એન્ટિબાયોટિક્સ અને રાસાયણિક ખાતર, પેસ્ટિસાઈડ, જિનેટિકલી મોટિફાઈડ ક્રૂડ તથા રેડિએશન વિગેરે માનવ જિન્સમાં એવા ફેરફાર કરી રહ્યા છે. કે જેથી વારસાગત અને અસાધ્ય રોગો વધી રહ્યા છે. માનવ સ્વાસ્થ્ય કતરામાં પડ્યું છે.

બીજી બાજુ વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે ૨૦૨૦માં તમામ પ્રકારના એન્ટી બાયોટિક્સ રેઝિસ્ટન્સ આવી જવાથી એલોપથી દવાઓ નકામી બની જશે ! પશુઓ માટે પણ આજ સમસ્યા જમીન, જલ, જંગલ સર્વે પ્રદુષિત પૃથ્વિ પણ જાણે આપણા થકી જ પ્રલય ?

ફક્ત આપણે જ નહીં, સહુ વિકસિત રાષ્ટ્રોએ પણ ફરીથી વિચારવું પડશે ! ફરી પાછા નેચરને શરણે જવું પડશે ! ગાય એ ગૌવંશ પ્રલયને રોકી શકે છે.

ગાય અને ગૌવંશ એ જ આ પ્રલયથી પૃથ્વીને અને પૃથ્વીવાસીઓને બચાવી શકશે. ગાય પર્યાવરણની રક્ષા કરે છે. દૂધ, દહીં, છાશ, માખણ અને ઘી દ્વારા આપનું આરોગ્ય અને તંદુરસ્તી જાળવી રાખે છે. આપણને ગંભીર રોગોતી બચાવે છે. કહોકે એ જ આવા રોગો માટે રામબાણ છે. ઉર્જાના સંકટને તે દૂર કરી શકે છે. ઓર્ગેનિક ખાદ્યન્ન, શાક - ભાજી, ફળ માટે ઉત્તમ ઉર્વરક (ઓર્ગેનિક મેન્યોર) આપી શકે છે.

## સાપ્તાહિક સુવિચાર

**પગમાં દોરી ગૂંચવાઈ હોય ત્યારે કૂદાકૂદ કરવાને બદલે શાંતિથી ઊભા રહેવું જોઈએ. જીવનમાં પણ સમસ્યાઓ ઊભી થાય ત્યારે શાંતિ, સમતા અને શ્રધ્ધાના આસન પર બેસતાં આવડે તો જ જલ્દી ઉકેલ મળે.**


## અભિનંદનમ્



શ્રી ગૌરાંગભાઈ પટેલ અધ્યક્ષશ્રી,
ગુજરાત નિયંત્રીત બજાર સંઘ, અમદાવાદ.

**ભા.કિ.સંઘના શુભેચ્છક અને હિતચિંતક તથા સુપ્રસિદ્ધ માર્કેટ યાર્ડ ઊંઝાના ચેરમેન શ્રી ગૌરાંગભાઈની સર્વાનુમતે પુનઃ ગુ.બ.નિ.સંઘના અધ્યક્ષ તરીકે વરણી થતાં હાર્દિક શુભકામનાઓ...**

*ભવદીય...*
*વિઠ્ઠલભાઈ દુધાત્રા, અધ્યક્ષ,*
*ભારતીય કિસાન સંઘ.*



લોક હીતમ્ મમ્ કરણીયમ્

**શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ**

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી
રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭
હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય' —**

'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'
'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**

• શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ • અનામતો : રૂા.૪.૨૩ કરોડ • થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
• ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ • ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ • નેટ એન.પી.એ. : 'શૂન્ય'
• સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**

• શૈક્ષણિક માર્ગદર્શન • કારકીર્દી માર્ગદર્શન • વ્યવસાયી માર્ગદર્શન,
• રાષ્ટ્રી તહેવારોની ઉજવણી • સભાસદ કલ્યાણ યોજના
• ગ્રામીણ વિકાસ પ્રકલ્પ • મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**

(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ.
(૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથા જી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**

(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**

જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

| | | |
|---|---|---|
| **હરસુખભાઈ પંડ્યા** | **નંદકિશોરભાઈ ગરાચ** | **છગનભાઈ પેથાણી** |
| *ચેરમેન* | *વાઈસ ચેરમેન* | *વાઈસ ચેરમેન* |
| **મનહરભાઈ સુચક** | **નરેન્દ્રભાઈ ભુત** | **સમીરભાઈ જોષી** |
| *મેનેજીંગ ડીરેક્ટર* | *જો. મેનેજીંગ ડીરેક્ટર* | *જનરલ મેનેજર* |

# એક અનોખી - સાચી હકીકત...

સૌરાષ્ટ્રમાં સૌથી નોંધપાત્ર ગામ તરીકે રાજકોટથી ૨૨ કિલોમીટર અંતરે આવેલા રાજસમઢિયાળાનું નામ દરેકના હોઠે આવી જાય. આ ગામડાની ડોક્યુમેન્ટ્રી પાંચ વખત દૂરદર્શન પર દેખાડવામાં આવી ચૂકી છે. 'સુરભિ' સિરિયલમાં પણ તે ચમક્યું હતું.

કોઈ એમ કહે કે રાજસમઢિયાળામાં રામરાજ્ય છે તો તેમાં અતિશયોક્તિ નથી, કારણ કે...

● આ ગામમાં કોઈ ઘરને તાળું મારતું નથી.

● બપોરે દુકાન ખુલ્લી મૂકીને વેપારી જમવા ચાલ્યા જાય છે.

● ગ્રાહક આવે તો પોતાને જોઈતી વસ્તુ લઈને તેની કિંમત ગલ્લામાં મૂકી દે છે.

ગુટખા વિરોધી ઝુંબેશની ગમે તેટલી પ્રેસનોટ છપાય કે શપથ લેવાય, તેનું પરિણામ જોવા મળતું નથી, પણ...

રાજસમઢિયાળામાં ગુટખા વેચવા પર જ પ્રતિબંધ છે અને એ કોઈ તોડતું નથી.

● ગ્રામપંચાયતની દુકને રાહતભાવનું કેરોસીન વેચાય છે, પણ કેરોસીન લોકો જાતે લઈ લે છે. કોઈ ચોરી કરતું નથી.

● થોડા વરસો પહેલા ગામમાં ચોરી થઈ હતી. બીજા દિવસે એક ભાઈએ ગ્રામપંચાયતમાં ચોરીની જાહેરાત કરી કે તરત તેમને વળતર પેટેના સાઠ હજાર રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા.

આ તમામ વાતોનો સઘળો જશ રાજસમઢિયાળાના હરદેવસિંહ જાડેજાને જાય છે. એમ.એ.નું ભણીને એસઆરપીમાં જોડાયેલા હરદેવસિંહ જાડેજાનું મન અકળાયું 'ટલે નોકરી છોડી દઈ ગામની વાટ પકડી લીધી, પણ એ પછી તેમણે ગામને એવું કંડાર્યું કે બીજાં ગામો રાજસમઢિયાળાના માર્ગ ચાલવા મજબૂર બન્યા છે. 'હિન્દુસ્તાન'ના પત્રકાર વિજેન્દ્ર રાવતે તો લખ્યું પણ ખરું કે 'ભારત કે ઈસ ગાંવ કે પદચિહ્નો પર ચલે તો દેશ કે ગાંવો કા ઉદ્ધાર નિશ્ચિત હૈ'

હરદેવસિંહ જાડેજા ૧૯૭૮માં આ ગામના સરપંચ બન્યા પછી આ ગામે આખા ભારતભરમાં પ્રસિધ્ધિ મેળવી છે.

સરપંચ બન્યા પછી હરદેવસિંહે... કચરો નાખવાનો, જુગાર રમવાનો, દારુ પીવાનો.. કે ઝઘડા વખતે પ્રથમ ગાળ બોલનારાને દંડ કરવાનો નિયમ કર્યો અને પ્રથમ વરસે ૩૦,૦૦૦ રૂપિયા દંડ વસૂલ કર્યો. ભૂવા નાબૂદીનું સૂત્ર આપ્યું. બાળકદીઠ એક વૃક્ષ વાવવાનો નિમ કર્યો અને તેના કારણે ગામની ફરતે ઘટાદાર વૃક્ષો ઉગાડાયાં...!!, ઘરો ઉદ્યાન જેવાં બની ગયા... તમે રાજસમઢિયાળા જાઓ તો હરદેવસિંટ જાડેજા ગ્રામપંચાયતની ઓફિસેથી સીધા જ હરિજનવાસમાં લઈ જાય અ" કોઈ રિસોર્ટ જેવો હરિજનવાસ જોઈને આભા થઈ જવાય.

હરદેવસિંહે લગામ ફરતે પાળા કરાવીને વહી જતું પાણી રોકાવ્યું. તેને કારણએ ગામ અ" જમીનનાં તળ સુધર્યા. પાણીની છૂટ થઈ ગઈ. રાજસમઢિયાળાની વસતિ પૂરા બે હજાર માથાની નથી, પણ તે વાર્ષિક ૩૫૦૦૦ મણ ઘઉં અને સાત હજાર મણ કપાસનું વાવેતર મેળવે છે, બીજા પાક જુદા.. વરસે પચાસ લાખથી વધારે કિંમતનાં તો આ ગામ શાકભાજી વેચે છે...

અહીં ગામના દરેક વોકળા પર ચેક ડેમ બનાવી લેવામાં આવ્યા છે. એને કારણે ચોમાસાનું પાણી તળમાં ઉતરે છે. ગામની સીમમાં ધીમે દીમે કરતાં ૫૧,૦૦૦ વૃક્ષો પણ વાવ્યાં છે... લોકોનું તો એવું છે કે ફાયદો જુઓ તો શ્રધ્ધા બેવડાઈ જાય.

હરદેવસિંહ જાડેજાને કારણે ગામ સ્વચ્છ, સુરક્ષિત અને સમૃદ્ધ બન્યું, એટલે તેમને ખોબલે ખોબલે સહકાર મળવા માંડ્યો.

હરદેવસિંહની ઈચ્છા સ્ટેડિયમ બાંધવાની હતી તો ગામલોકોએ સામેથી જમીન આપી દીધી. સ્ટેડિમમાં ક્રિકેટની પાંચ ટર્ફ વિકેટ બનાવવામાં આવી છે. હરદેવસિંહ જાડેજા કહે છે, આ સ્ટેડિયમ પહેલાં અમે ગામના દરેક ઘરની પ્રાથમિક સુવિધાની દેખભાળ કરી હતી. અમારા આખા ગામમાં અત્યારે સિમેન્ટના રસ્તા બની ગયા છે. હવે અમે પ્લાસ્ટિક નાબૂદીની ઝુંબેશ ઉપાડી છે. પ્લાસ્ટિકનો કચરો ફેંકે તેને ૫૧ રૂપિયા દંડ અને જેના ઘર પાસે એ કચરો પડ્યો હોય તેનો અગિયાર રૂપિયા દંડ અમે લઈએ છીએ.

મારે રાજસમઢિયાળા ફરતે એક લાખ વૃક્ષો વાવવાં છે એટલે તેના ટાર્ગેટ બધાને આપી દીધો છે. મારો ટાર્ગેટ સૌથી મોટો રાખ્યો છે. મારી જમીનમાં હું દસ હજાર વૃક્ષો વાવવાનો છું. પાંચ હજાર જેટલાં જામફળ અને સીતાફળ તો વાવી દીધાં છે... ૩૫૦ આંબા વાવ્યા છે.

રાજસમઢિયાળાની સમૃદ્ધિ જોઈને તેની આજુબાજુનાં પંદરેક ગામો પણ તેને પગલે ચાલવા માટે તૈયાર છે. ખોબડદળ, અણિયારા, લીલી સાજડિયાળી, ભૂપગઢ, લાખાપર... જેવાં આ ગામોમાં ૧૩૦ જેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા છે. લીલી સાજડિયાળી ગામમાં સરપંચની ચૂંટણી નહીં, પણ પસંદગીથી ચૂંટાશે એવો નિર્ણય લેવાઈ ગયો છે.

જ્યાં પસંદગી હશે ત્યાં જ ગામનો વિકાસ ઝડપથી થશે એવું માનતા હરદેવસિંહ જાડેજાને આજથી દશ વરસ પહેલા અમે પૂછેલું કે તમારા ગામ માટે છેલ્લે નવું શું કર્યું એ કહો ?... તો તેમણે કહ્યું કે, 'ઉપગ્રહ મારફત મળેલી તસ્વીરોમાં જિયોલોજિક સર્વે કરાવીને અમે વર્ષો અગાઉ થયેલા ધરતીકંપથી થયેલી તિરાડો (ફ્રેક્ચર) શોધીને તેમાં પાણી ઉતાર્યું છે, એ કારણે અમારા ગામનાં તળ એક કિરોમીટર જેટલે ઊંડે સુધી પાણીવાળાં બન્યા છે.' આ દુષ્કાળમાં પણ અમારા ગામના એક કૂવામાં (ઉપરથી) દસ ફૂટ પાણી હજુ આજે પણ છે.

એડ.કુલદીપસિંહ જાડેજા...

**સરપંચ બન્યા પછી હરદેવસિંહે... કચરો નાખવાનો, જુગાર રમવાનો, દારુ પીવાનો.. કે ઝઘડા વખતે પ્રથમ ગાળ બોલનારાને દંડ કરવાનો નિયમ કર્યો અને પ્રથમ વરસે ૩૦,૦૦૦ રૂપિયા દંડ વસૂલ કર્યો. ભૂવા નાબૂદીનું સૂત્ર આપ્યું.**

# વિકલાંગ પેન્શન યોજના




**ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પરેન્શ સ્કીમ (IGNDPS)**
**(કેન્દ્ર સરકારની યોજના)**

**યોજનાનો ઉદ્દેશ :**
તીવ્ર અશક્ત વિકલાંગ વ્યક્તિઓ માટે નાણાંકીય સહાય આપવી.

**પાત્રતાના ધોરણો :**
(૧) લાભાર્થીનું નામ બી.પી.એલ. કુટુંબની (૦ થી ૧૬ સ્કોર) યાદીમાં સમાવિષ્ટ હોવું જોઈએ. (૨) અરજદારની ઉંમર ૧૮ થી વધુ અને ૮૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. (૧૮ થી ૭૯ વર્ષ) (નોંધ - ૮૦ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના (IGNOPS) હેઠળ તબદીલ કરવાના રહે છે) (૩) અરજદારની વિકલાંગતાની ટકાવારી ૮૦ ટકા કે તેથી વધુ હોવી જોઈએ.

**યોજનાના ફાયદા / સહાય**
માસિક રૂ. ૬૦૦/-
(ભારત સરકાર રૂ. ૩૦૦/- + રાજ્ય સરકાર રૂ. ૩૦૦/-)

**પ્રક્રિયા :**
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે.

**અમલીકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થા :**
સમાજ સુરક્ષા ખાતા હસ્તકના ૩૩ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.

# ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ગુજકેટ અને જેઈઈના પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ ફી આપવાની યોજના

**યોજનાનો ઉદ્દેશ :**
મેડીકલના અભ્યાસક્રમોની અનુ.જનજાતિની અનામત જગ્યાઓ પૈકી કેટલીક અનામત જગ્યાઓ ગુજકેટમાં જરૂરીયાત મુજબના ૪૦ ટકા માર્કસ ન મેળવવાને કારણે વર્ષોથી ખાલી રહેતી હતી, જે જગ્યાઓ પૂરેપૂરી ભરાય તે માટે ગુજકેટની તાલીમ આપવાનો મુખ્ય ઉદ્દેશ છે.

**પાત્રતાના ધોરણો :**
(૧) ધો. ૧૦ માં ૬૦ ટકાથી વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ.
(૨) ધો. ૧૧-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.

**યોજનાના ફાયદા / સહાય**
આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય

**પ્રક્રિયા :**
સંબંધિત જિલ્લા મદદનીશ કમિશ્નરશ્રી / આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આ. વિ.) કચ્છ, ડાંગની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

# અનુ.જાનજાતિની કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરુ યોજના

**યોજનાનો ઉદ્દેશ :**
અનુસુચિત જનજાતિના કુટુંબની કન્યા લગ્ન પ્રસંગે નાણાંકીય સહાય.

**પાત્રતાના ધોરણો :**
● લાભાર્થી કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને કુમાર ૨૧ વર્ષથી ઓછી ન હોવી જોઈએ. ● લગ્ન કર્યાના પુરાવા ● લગ્ન થયેના ૧ વર્ષમાં અરજી કરવાની રહેશે. ● કુટુંબની વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૪૭૦૦૦/- શહેરી વિસ્તારમાં રૂા. ૬૮૦૦૦/-.

**યોજનાના ફાયદા / સહાય :**
લાભાર્થીને રૂા. ૧૦૦૦૦/- ની સહાય ચેક થી ચુકવવામાં આવે છે.

**પ્રક્રિયા**
જિલ્લા મદદનીશ કમિશ્નરશ્રી / આદિજાતિ વિકાસની કચેરીમાં નિયત નમૂનામાં દસ્તાવેજી પુરાવાના સહિતની અરજી રજુ કરવાની હોય છે અને આ દસ્તાવેજના આધારે નિયમ અનુસાર મળવાપાત્ર લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવે છે.

# પુરક પોષણ યોજના (દૂધ સંજીવની)

**યોજનાનો ઉદ્દેશ :**
પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં વિટામીન, પ્રોટિન, કેલ્શીયમ અને ક્ષાર તત્વની ઉણપ દૂર કરી તેના આરોગ્યમાં સુધારો થાય અને તેનો શારીરિક અને માનસિક વિકાસ થાય તે હેતુથી આ યોજના અમલમાં મુકેલ છે.

**પાત્રતાના ધોરણો :**
● પ્રાથમિક શાળાઓમાં ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ● આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય વિદ્યાર્થીઓને દૂધ પુરુ પાડવામાં આવે છે.

**યોજનાના ફાયદા / સહાય :**
૨૦૦ એમ.એલ. ફ્લેવર્ડ દૂધના પાઉચ પૂરા પાડવામાં આવે છે.

**પ્રક્રિયા**
ડેરી મારફતે જિલ્લાની પે સેંટર શાળાઓ પર દૂધનો જથ્થો ઉતારવામાં આવે છે અને પે સેંટરો પરથી તાબાની શાળાઓમાં પહોંચાડવામાં આવે છે.

**અમલીકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થા**
આ યોજના જે તે જિલ્લાઓનાં પ્રાયોજના વહીવટદારસીઓ મારફતે અમલવારી કરવામાં આવે છે.

# લોકસરવાણી
## બિનખર્ચાળ પદ્ધતિઓ

*આમ અખા - પખા (ઉડિયા)*
*ડૉ. બલરામ સાહુ :*
*૩-આર, બીપી ૫/૨, બીપી કોલોની, યુનિટ-૮,*
*ભુવનેશ્વર-૭૫૧૦૧૨, ઓરિસ્સા.*
**Email : balaram_sahu@hotmail.com**

*નમવાલી વેલન્માઈ (તામિલ)*
*પી.વિવેકાનંદન,*
*૪૫, ટી.પી.એમ.નગર,*
*વિરદ્દિપટ્ટુ-૬૨૫૦૧૦, તામિલનાડુ*
**Email : vivekseva@gmail.com**

***આ પદ્ધતિઓ કૃષિ વિશ્વવિદ્યાલય, મદુરાઈના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા તેમના વતનમાંથી શધી - સંકલિત કરવામાં આવે છે.***

### પશુઓમાં ઝાડા

નવપદ જિલ્લાના ખેડૂતો વડે પશુઓમાં થતા ઝાડાની પારંપરિક સારવાર નાગરવેલ (Piper betel)નાં પાન, આદુ અને કબૂર વડે કરાય છે. શિવનારાયણ ચાર પાન નાગરવેલનાં, ૫૦-૧૦૦ ગ્રામ આદુ અને ૩૨ ગોટી કપૂરની લઈને તેને વાટી લે છે. તેઓ આ લૂગદી ત્રણ દિવસ સુધી રોજ બે વાર પશુને ખવડાવે છે.

*શિવનારાયણ કેઉતા, દીવાનમુંડા,*
*પાતવત, જિલ્લો નવપદ.*

*નાગરવેલનાં પાન એન્ટિમાઈક્રોબિયલ, ગુણ ધરાવે છે. (Nair, R., & Chanda, S. (2008). Indian journal of pharmaceutical sciences, 70(3), 390.*

### જૂ તથા ઈતરડીનો ઉપદ્રવ

ચિત્રસેન રોજીરોટી માટે ૬૫ બકરીઓનો ઉછેરે છે. રાત્રે જ્યારે બકરીઓ ચરીને વાડામાં પાછી ફરે છે ત્યારે, તે બકરીઓના વાડામાં ચાર બતક મૂકી દે છે, જે બકરીઓના શરીર પર થી જૂ, ઈતરડી અને જીવાત ચૂંટી લે છે. આનાથી તેમણે અદ્ભૂત પરિણામો મેળવ્યાં છે. અને અગાઉ જૂ તથા જીવાતના નિયંત્રણ માટે દવાઓના પૈસા ખર્ચવા છતાં પણ જૂ - ઈતરડીનો ઉપદ્રવ ઘટતો ન હતો. પરંતુ આ ઉપચાર અસરકારક છે.

*ચિત્રસેન માંગરાજ, વિદ્યાધરપુર,*
*પો.ઓ. પૈકરાપુર, ભુવનેશ્વર, જિ. : ખુર્ધા*

### બળદને કાંધ

ખેડવાનું તથા ગાડું ખેંચવાનું કામ કરતા બળદને હળ તથા ગાડાના ભારને કારણએ કાંધમાં દુ:ખાવા થવા સાથે ઘણીવાર જખમ પડે છે. આવી સમસ્યા ઉદ્ભવે ત્યારે બળદ સુસ્ત અને નિષ્ક્રિય રહે છે. સંશોધક, પશુની આ સમસ્યાના નિવારણ માટે કોસુમ્બ (Schleichera oleosa) નામનાં સ્થાનિક છોડની છાલમાંથી તૈયાર કરાયેલી લૂગદીનો ઉપયોગ કરે છે. તેઓ ૨૦૦ ગ્રામ છાલની લૂગદી બનાવે છે. આ લૂગદીને સહેજ ગરમ કરીને ત્રણ દિવસ સુધી દરરોજ સાંજે બળદની પીઠ પર લગાડે છે. જેનાથી દુ:ખાવામાં રાહત થાય છે અને જખમ પણ રૂઝાય છે. છેલ્લાં બે વર્ષમાં તેમણે આવા ૧૨ જેટલા પશુઓની સફળતાપૂર્વક સારવાર કરી છે

*સંશોધક : જગન્નાથ માઝી, હરિપુર, જિલ્લો : નવપદ.*

*કોસુમ્બનો ઉપયોગ આયુર્વેદમાં અને પારંપરિક દવા ઉપચારમાં સાંધાના દુ:ખાવામાં થાય છે. તે તેના એસ્ટ્રિજન્ટ, વુલ્નેરરી પઝેસિવ એન્ટિ-કેન્સર, એન્ટિ - ઓક્સિડન્ટ તથા એન્ડિ અલ્સર ગુણો માટે પણ જાણીતું છે. (Meshram et al. 2015, Asian J. Pharm. Res. 2015; Vol. 5: Issue 1, Pg 61-64)*

### પશુઓના ઘાવ રૂઝવવા માટે

પાર્વથી (૪૫ વર્ષ) એ ૭ ધોરણ સુધી અભ્યાસ કર્યો છે, તેઓ સાલેમનાં મોલાપારાઈ ગામના ખેડૂત છે. તેમણે પશુના ઉપચાર માટેની કેટલીક પારંપરિક રીતો શીખી છે. ઘા રૂઝવવાની આવી એક રીતમાં તેઓ સ્થાનિક નામ નીલાકોલિન્જી અથવા નીલી (Strobilanthes kunthiana)ના મુટ્ઠીભર પાન વાટીને તેને ઘા રૂઝાઈ ન જાય ત્યાં સુધી ઘા ઉપર લગાડે છે.

*એસ.પાર્વથી, H/o. એસ. ચિન્નસ્વામી,*
*મોલાપારાઈ, પુલમપટ્ટી પોસ્ટ, એડાઈપડી,*
*તાલુકો, જિલ્લો સાલેમ.*
*સંકલન : સી.જનાની*
*IV B.Sc. Agri, AC & RI MDU નીલી સ્થાનિક નામ (Strobilanthes kunthiana) એન્ટિ બેક્ટેરિયલ ઘટકો ધરાવે છે. (Everylyne et al. 2015). નીલીના ઈથેનોલિક અર્કનો બાયોએક્ટિવ કમ્પાઉન્ડસનું સ્પેક્ટ્રલ એનાલિસિસ. T. Anderson ex. Benth, Advances in Bioresearch. 6(3)*

### પાક માટે સેન્દ્રિય ખાતર તરીકે ગોળ અને લીંબુનું દ્રાવણ

ગોપાલકૃષ્ણન (૪૮ વર્ષ) એ પનિક્કમપટ્ટી ગામમાં ૧૨મા ધોરણ સુધી અભ્યાસ કર્યો છે. તેઓ તેમની જમીનમાં કેળાં, શેરડી, નાળિયેર તથા કેરીની ખેતી કરે છે. વર્મીકમ્પોસ્ટ તૈયાર કરવામાં તેમની નિપુણતા છે. તાજેતરમાં તેમણે એક સેન્દ્રિય દ્રાવણ વિકસાવ્યું છે. તેઓ ૨૫૦ ગ્રામ ગોળને પાંચ લિટર પાણીમાં ઓગાળીને દ્રાવણ બનાવે છે અને તેમાં વીસ લીંબુનો રસ મેળવે છે. પછી તેમાં દસ ઈંડા ઉમેરી શણના કોથળાથી ઢાંકી દે છે અને દસ દિવસ રાખી મૂકે છે. દસ દિવસના અંતે તેઓ દ્રાવણ બહાર કાઢે છે. અને સમાન ભાગે પાણી ઉમેરીને તેને મંદ કરે છે. ફરી આ મિશ્રણને આથો લાવવા માટે મૂકી રાખે છે. ત્યારબાદ ૧૫૦ મીલી દ્રાવણને દસ લિટર પાણીમાં મિશ્ર કરીને પાક ઉપર છંટકાવ કરે છે.

*એન. ગોપાલકૃષ્ણન, પનિક્કમપટ્ટી, પોસ્ટ : કુલિથલાઈ, તાલુકો - જિલ્લો : કરુર ૬૩૯૧૦૭.*
*સંકલન : ડી. ગજપ્રિયા, IV B.Sc. Agri, AC & RI મદુરાઈ.*

*ઈંડા, લીંબુ અને ગોળ ઉત્તમ વૃધ્ધિ પ્રેરક તરીકે નોંધાયેલ છે. (Alagesan. P.G. Vaideki and S. Suseela, (2009). સોલાનમ લાયકોપર્સિકામના વિકાસ માપદંડ પર પંચગવ્ય સાથે ઈંડા, લીંબુના મિશ્રણની અસર Green pages)*


# ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.

GETCO PGVCL UGVCL MGVCL DCVCL

## ''ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭'' અરજીઓ સ્વીકારવા બાબતની મુદ્દત તા. ૩૧-૭-૨૦૧૭ સુધી લંબાવવા બાબત...

રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓ દ્વારા રાજ્યનાં હયાત ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા દરેક કક્ષાના ગ્રાહકો માટે ''ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭'' જાહેર કરેલ છે. ઉક્ત યોજનાની અરજી સ્વીકારવાની છેલ્લા તા. ૩૦-૬-૨૦૧૭ છે. આ યોજના હેઠળ જે ગ્રાહકો અરજી કરવા ઈચ્છતા હોય તેઓની અરજીઓ સંબંધિત વીજ કંપનીની સ્થાનિક કચેરીએ સ્વીકારવાની તારીખ ૩૧-૭-૨૦૧૭ સુધી લંબાવવામાં આવી છે. આ યોજના માટેના તમામ ધારા ધોરણો, નિયમો તેમજ અરજી નોંધણીની પ્રક્રિયાની વિગતો અગાઉ તા. ૨૩-૫-૨૦૧૭ના રોજ દૈનિક અખબારોમાં પ્રસિદ્ધ કરેલ, જાહેરાત મુજબ રહેશે.

ખેતી વિષયક વીજ ગ્રાહકો આ યોજના અંગેની માહિતી કંપનીના કાર્યરત ગ્રાહક સુવિધા કેન્દ્ર પરથી પણ મેળવી શકશે.

ચાર વીજ વિતરણ કંપનીઓના ગ્રાહક સુવિધા કેન્દ્રના ફોન નંબર નીચે પ્રમાણે છે.
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. : ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૩
દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. : ૧૮૦૦૨૩૩૩૦૦૩
ઉત્તર ગુજરાત વીજ કંપની લી. : ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૫
મધ્ય ગુજરાત વીજ કંપની લી. : ૧૮૦૦૨૩૩૨૬૭૦

**ગુ.ઉ.વિ.નિ.લી. અને તેની સંલગ્ન વીજ વિતરણ કંપનીઓ**


# ઋતુ ચર્યા વિશે જાણીએ...

***પ્રાચીન ઋષિ પરંપરામાં વર્ષભર ઋતુનું સાર પ્રકૃતિના નિયમ મુજબ જે ઋતુ ચર્યા આલેખવામાં આવી છે તે મુજબ આયુર્વેદ પણ પુષ્ટી કરીને જીવન શૈલી માટે નિર્દેશ કરે છે. વર્ષની ઋતુ રચનામાં મુખ્યત્વે હેમંત / શિશિર / વસંત / ગ્રીષ્મ / વર્ષા અને શરદ એમ છ (૬) ઋતુઓનો ઉલ્લેખ છે. તે પ્રમાણે હાલમાં ચાલી રહેલ વર્ષા ઋતુની વાત કરીએ તો તેનો સમયગાળો લગભગ - ૨૨ જૂન થી ૨૩ ઓગસ્ટ બતાવેલ છે. જેની સાથે આ દિવસો દરમ્યાન વાતાવરણ પરિસ્થિતી જીવનાનુકૂલ બદલાવ, પથ્ય - અપથ્ય ખોરાક તેના સેવન માટેનો નિર્દેશ વિ. ઋતુ ચર્યાના ચક્રમાં કરવામાં આવેલ છે તે મુજબ...***



## આણંદમાં અમૂલ ડેરીની ૭૧મી સામાન્ય સભા મળી

# અમૂલ ડેરી ૬ લાખ સભાસદોને ૧૦ ટકા બોનસની ચુકવણી કરશે

***ગયા વર્ષની સરખામણીએ અમૂલ ડેરીના ઈતિહાસમાં પ્રથમવાર રૂા.૫,૭૧૫ કરોડનું ટર્નઓવર હાંસર કર્યું છે. જે ગયા વર્ષની સરખામણીએ ૧૮ ટકાનો વધી છે. તેમ અમૂલ ડેરીના ચેરમેન રામસિંહ પરમારે ડેરીની વાર્ષિક સાધારણ સભામાં જણાવ્યું હતું.***

અમૂલ ડેરીએ છેલ્લા ૭૦ વર્ષમાં ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડી ગામે ગામ દૂધ મંડળીઓ ઊભી કરીને પશુપાલન વ્યવસાય થકી ઉજ્જવળ તકો ઊભી કરી છે અને ગામે ગામ પશુપાલન વ્યવસાય વધતાં દૂધ ઉત્પાદન વદી રહ્યું છે. વર્ષ દરમ્યાન ૯૩.૪૦ કરોડ કિલોગ્રામ દૂધ સંપાદન કરતાં દૂધ ઉત્પાદકોની સખત




**અમૂલ ડેરીનું રૂા. ૫૧૭૫ કરોડનું ટર્નઓવર થયું**

મહેનતની પ્રશંસા કરી હતી.

આ અંગે અમૂલ ડેરીના ચેરમેન રામસિંહ પરમારે જણાવ્યું હતું કે, દર વર્ષે સભાસદોને બચતમાંતી બોનસ ચૂકવવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ૨૭૦ કરોડની બચતમાંથી બોનસ ચૂકવવામાં આવશે. જેમાં ૧૨૦૦ દૂધ મંડળીના અંદાજે ૬ લાખ સભાસદોને બોનસ ચૂકવવામાં આવશે. દરેક પશુપાલકને ૧૦ ટકા જેટલું બોનસ ચૂકવવામાં આવનાર છે. અમૂલ ડેરીએ ખેડૂતોને વર્ષ ૨૦૧૫-૧૬ માં દૂધની કિંમત રૂા. ૬૬૧ પ્રતિ કિલો ફેટ ચૂકવેલું છે. વિશ્વમાં વધતી જતી ઈનપુટ ખર્ચ બદલાતી સરકારી નીતિઓ અને ડેરી ઉદ્યોગમાં વત્તી જતી અનિશ્ચિતતા હોવા છતાં પણ અમૂલે સૌથી વધુ દૂધની કિંમત ચૂકવેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં પશુપાલકોની આવકમાં ૧૦ ઘણો વધારો થયો છે.

## કિસાન સંઘે કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજી : ૧૫ મુદ્દાની માંગણીઓની ચર્ચા કરી

ભારતીય કિસાન સંઘ દ્વારા થોડાક દિવસો અગાઉ ખેડૂતોના વિવિધ પ્રશ્નોને લઈને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં નવી - જુની શરતના કેસો, તળાવોમાં પાણી આપવા સહિતના ૧૬ મુદ્દાઓના નિરાકરણની માંગણી કરવામાં

- **બેઠકમાં બે પ્રાંત અધિકારી સહિત કિસાન સંઘના અગ્રણીઓ પણ હાજર રહ્યા...**
- **ખેડૂતોની વિવિધ માંગણીઓના નિરાકરણ માટે તંત્ર દ્વારા ખાત્રી અપાઈ...**

આવી હતી. કિસાન સંઘની માંગણીઓના સંદર્ભમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મિટીંગ બોલાવી તમામ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તેમજ જે પ્રશ્નોનો ત્વરિત નિકાલ થઈ શકે તેમ છે તેવા પ્રશ્નોના નિવારણ માટે સંબંધિત અધિકારીઓ સુચના આપવામાં આવી હતી. આ સિવાયના પ્રશ્નોનું પણ ઝડપથી નિરાકરણ લાવવાની ખાત્રી કિસાન સંઘના નેતાઓને આપવામાં આવી છે.

કિસાન સંઘ દ્વારા ખેડૂતોના વિવિધ પ્રશ્નોને લઈને આપવામાં આવેલ આવેદનપત્ર બાદ જિલ્લા કલેક્ટર સતિષ પટેલ દ્વારા કલેક્ટર કચેરીના કોન્ફોરન્સ હોલમાં એક મિટીંગ બોલાવવામાં

*અનુ. પાના ૩ પર*

## વીજ જોડાણ માટે ખેડૂતો પાસે કામ કરાવનાર ૫ વર્ષ માટે બ્લેક લિસ્ટ થશે...

રાજ્યમાં ખેતી વાડી માટેના નવા વીજ જોડાણો આપવાની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરો દ્વારા ખેજૂતો પાસે વિવિધ કામગીરી કરાવવામાં આવતી હોવાનું અને તે માટે ખેડૂતો પર દબાણ કરાતું હોવાની ફરિયાદોના પગલે ઊર્જા વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટરોને તાકીદ કરાઈ છે અને આવી પ્રવૃત્તિ કરતા પકડાશે તો પાંચ વર્ષ માટે બ્લેક લિસ્ટેડ કરવાની ચીમકી અપાઈ છે.

**કોન્ટ્રાક્ટરો ખાડા કરવા, થાંભલા ખસેડવા, કોલસો - મીઠું જેવી વસ્તુઓ ખેજૂતો પાસે મંગાવતા હોવાની ફરિયાદો બાદ પગલાં**

ઊર્જામંત્રી ચીમન સાપરિયાએ કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે ૧.૨૫ લાખ નવા ખેતીવાડી વીજ જોડાણ આપવાનો લક્ષ્યાંક છે. તે માટે બજેટમાં બે હજાર કરોડ જેટલી રકમની ફાળવણી પણ કરવામાં આવી છે. ખેડૂતોને વીજ જોડાણ માટે ઊભી કરવાની થતી વીજ લાઈનની કામગીરી દરમિયાન કેટલાક કોન્ટ્રાક્ટરો દ્વારા ખેડૂતો પાસેથી થાંભલા ખલેડી લાવવા, અર્થિંગ માટે ખાડો કરવા, કોલસો, મીઠું જેવી ચીજ વસ્તુ લઈ આવવા જેવી ફરજ પાડવામાં આવે છે તેવી ફરિયાદો મળી છે. આથી કોન્ટ્રાક્ટરોને આવી ખોટી વર્તણૂક કે ખેડૂતો પર દબાણ ન લાવવા કડક સૂચના અપાઈ છે. કોન્ટ્રાક્ટરોને અપાતા વર્ક ઓર્ડરમાં પણ આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવા અને તેનું પાલન થાય તે જોવા ઊર્જા વિભાગના અધિકારીઓને સ્પષ્ટપણે તાકીદ કરવામાં આવી છે.

**ખેતીવાડી માટે વીજ જોડાણ આપતા કોન્ટ્રાક્ટરોને ચીમકી...**

# હિંમતનગર ખાતે સાબરડેરીની ૫૩મી વાર્ષિક સાધારણ સભા ઉલ્લાસભેર સંપન્ન

સાબરડેરી, હિંમતનગર ખાતે તા. ૨૯-૬-૨૦૧૭ના રોજ ઓડીટોરીયમ હોલમાં સાબરડેરીની ૫૩મી વાર્ષિક સાધારણ સભા સાબરડેરી તથા ગુજરાત કો - ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદના ચેરમેન જેઠાભાઈ પી. પટેલના અધ્યક્ષસ્થાને મળી જેમાં વિશાળ સંખ્યામાં દૂધ મંડળીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.

સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલના જણાવ્યા મુજબ સાબરડેરીએ મહત્તમ દૈનિક ૨૫.૨૩ લાખ લીટર વિક્રમજનક દૂધ સંપાદન કરેલ છે. જે ગત વર્ષ કરતાં રોજનું સરેરાશ દૈનિક ૨.૫૭ લાખ લીટર વધુ છે. દૂધ સંપાદન કામગીરી એક પણ દિવસ બંધ ન રાખી સંઘની આયોજન સંકલન અને ઉત્તમ કાર્યક્ષમતાનું ઉદાહરણ પુરુ પાડેલ છે.સંઘે સરેરાશ દૂધના કિલોફેટ મુજબ રૂા. ૭૦૫ ભાવ ચૂકવેલ છે. જે વિક્રમજનક છે. હજુ પણ ઉત્તમ કાર્યક્ષમતા અને આયોજન થકી સભાસદોને વધુ ભાવ મળે તે માટે સંઘ પ્રયત્નશીલ છે. તેમ તેઓએ જણાવેલ હતું.

વધુમાં તેઓએ જણાવ્યું કે ડેરીનું ટર્ન ઓવર રૂા. ૪૨૪૭ કરોડથી પણ વધુ થયેલ છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૭ ટકા જેટલો વધુ થયેલ છે. સંઘની ઈનપુટ સેવાઓ મારફતે વર્ષ દરમ્યાન રૂા. ૩૫૬ લાખ ઉપરાંતની સબસીડી ચૂકવી દુધ ઉત્પાદકોને સહાયભૂત થવામાં આવેલ છે. તે ઉપરાંત વિકાસ કૂચ જારી રાખવા અને સંઘની હાલની મેન્યુફેક્ચરીંગ કેપેસીટી વધારવા માટે રૂા. ૯૦ કરોડના ખર્ચે યુ.એચ.ટી. પ્લાન્ટ કે જેમાં ૬ માસ સુધી દૂધ બગડી ન જાય તેવા ૨૦૦ એમ.એલ. તેમજ ૧ લીટરના પેકીંગમાં ટેટ્રાપેકના પેકીંગમાં દૂધ પેક કરી શકાય તેવા પ્લાન્ટ કાર્યરત કરેલ છે. દાણની માંગને પહોંચી વળવા ૧૨૫૦ મે.ટનની ક્ષમતાવાળા પ્લાન્ટથી હવે દૂધ ઉત્પાદકોને દાણ પુરતુ મળી રહે તેવી વ્યવસ્તા કરવામાં આવે છે. છેલ્લા ઘણા સમયથી કાચામાલના ભાવોમાં વધારો થવા છતાં પણ સભાસદોને પરવડે તે હેતુથી સાબરદાણના ભાવોમાં વધારો કરેલ નથી.



**સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલના જણાવ્યા મુજબ સાબરડેરીએ મહત્તમ દૈનિક ૨૫.૨૩ લાખ લીટર વિક્રમજનક દૂધ સંપાદન કરેલ છે. જે ગત વર્ષ કરતાં રોજનું સરેરાશ દૈનિક ૨.૫૭ લાખ લીટર વધુ છે.**

કેન્દ્ર સરકારની યોજનાઓ દ્વારા એન.પી.ડી.ડી. તેમજ કોલ્ડ ચેઈન પ્રોજેક્ટ દ્વારા ડેરી પ્લાન્ટની કેપેસીટીમાં ઉમેરો કરવા રૂા. ૨૨.૪૬ કરોડની કેન્દ્રીય સહાય મેળવી આધુનિકરણ કરી સુદઢ માળખુ બનાવી રહ્યા છીએ. રાજ્ય સરકારની ઓનલાઈન વિવિધ યોજનાઓનો લાભ અપાવવા માટે પણ સંઘ દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. પશુ સારવાર, ફર્ટીલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ તથા ફોડર પ્રોગ્રામ તેમજ અન્ય તાલીમની સેવાઓ દ્વારા પશુપાલકોને પ્રોત્સાહિત કરી દૂધના વ્યવસાયનો વિકાસ થાય તે માટે અમો પ્રતિબદ્ધ છીએ.

વધુમાં તેઓએ જણાવ્યું કે સાબરડેરીના હરીયાણા રોહતક ખાતેના આઈસ્ક્રીમ પ્લાન્ટમાં જુદી જુદી અમૂલ આઈસ્ક્રીમની વેરાયટી સાથે પંજાબી કુલ્ફીએ સમગ્ર ભારતભરમાં નામના મેળવી છે. હવે રોહતક ખાતેના પ્લાન્ટની ક્ષમતા ૬ લાખથી વધારીને ૧૦ લાખ લીટરની પ્રોસેસીંગ અને પેકીંગ ક્ષમતા કરી રહ્યા છીએ. જેનો લાભ સૌ દૂધ ઉત્પાદકોને ભવિષ્યમાં મળશે.

મેનેજીંગ ડીરેક્ટર ડૉ. બાબુભાઈ એમ. પટેલે જણાવ્યું કે વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત દૂધ ઉત્પાદકો / પ્રતિનિધિઓની રૂબરૂમાં ઉલ્લાસભેર સભા સંપન્ન થયેલ છે. સભાસદોએ સંઘના વહીવટ પ્રત્યે સંતોષ વ્યક્ત કરેલ છે. દૂધ ઉત્પદકોને ભાવ વદારો તાત્કાલિક ચૂકવી દેવામાં આવશે. આભાર વિધિ સાબરડેરીના વા.ચેરમેન કાન્તીભાઈ એસ. પટેલે કરી હતી.

તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.